જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૨૩-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૮ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કરતારપુર સાહેબ સુધી કોરિડોરના નિર્માણને મોદી સરકારની મંજૂરી

સરકાર બનાવવાની પાકિસ્તાન તરફથી સુચના મળી : ભાજપ

શ્રીનગર

જમ્મુ કાશ્મીર વિધાનસભાને ભંગ કરવામાં આવ્યા બાદ રાજકીય આક્ષેપબાજીનો દોર વધારે તીવ્ર બની ગયો છે. ભાજપ નેતા રામ માધવે આક્ષેપ કરતા કહ્યુ છે કે નેશનલ કોન્ફરન્સ અને પીડીપીને સરહદ પારથી સરકાર બનાવવા માટેના આદેશ મળ્યા છે. માધવના આ નિવેદન બાદ રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન ઉમર અબ્દુલ્લા નારાજ થયા છે. ઉમરે આ આરોપો સાબિત કરવા માટે રામ માધવને ખુલ્લો પડકાર ફેંક્યો છે. કોંગ્રેસ, એનસી, પીડીપીએ બુધવારના દિવસે રાજ્યમાં મળીને સરકાર બનાવવા માટેનો દાવો કર્યો છે. જો કે રાજ્યપાલ સત્યપાલ મલિકે વિધાનસભા ભંગ કરી નાંખી છે. આ ઘટનાક્રમ પર ભાજપના રાષ્ટ્રીય સચિવ રામ માધવે કહ્યુ છે કે સરકાર બનાવવા માટે પાકિસ્તાન તરફથી આદેશ મળ્યો હોય તેમ લાગે છે. બીજી બાજુ ઉમર અબ્દુલ્લાએ આરોપો પુરવાર કરવા અથવા તો માફી માંગી લેવા માટે કહ્યુ છે. રામ માધવે કહ્યુ છે કે ભાજપે ક્યારેય સરકાર બનાવવા માટેની ઈચ્છા વ્યક્ત કરી નથી. અમે સરકાર બનાવવા જઈ રહ્યા છીએ તેવા દાવા ક્યારેય અમે કર્યા નથી. તેમણે કહ્યુ હતુ કે આ પાર્ટીઓ રાજ્યમાં અનૈતિક ગઠબંધન કરવાના પ્રયાસ કરી રહ્યા છે.

સરકાર ગુરદાસપુર જિલ્લાથી લઈને આંતરરાષ્ટ્રીય બોર્ડર સુધી કરતારપુર કોરિડોરનું નિર્માણ કરશે

ન્યુ દિલ્હી

સિખોના પ્રથમ ધર્મગુરૂ નાનક દેવની ૫૦૦મી જયંતી પર ભારત સરકારે કરતારપુર સાહિબ સુધી કોરિડોરનું નિર્માણ કરવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. નાણાંમંત્રી અરૂણ જેટલીએ આ બાબતની જાહેરાત કરી હતી. આ સાથે જ હવે શ્રેય લેવાની ખેંચતાણ પણ શરૂ થઈ ગઈ છે. આ મામલે પાકિસ્તાને પણ સકારાત્મક વલણ દાખવ્યું છે.

પંજાબ સરકારના મંત્રી નવજોત સિંહ સિદ્ધૂની પાકિસ્તાન યાત્રા બાદ જ કરતારપુર સાહિબ કોરિડોરને લઈને ચર્ચાએ જોર પકડ્યું હતું. હવે આ મામલે કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

આ મામલે રાજનાથ સિંહે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર આ પર્વને ધૂમધામથી ઉજવશે. સરકાર ગુરૂદાસપુર જીલ્લાથી લઈને આંતરરાષ્ટ્રિય બોર્ડર સુધી કરતારપુર કોરિડોરનું નિર્માણ કરવામાં આવશે. અહીં જરૂરિયાત અનુંસારની તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આ કોરિડૉર કરતારપુર સાહિબ નવા ઈચ્છુકોને મદદરૂપ થશે.

આ ઉપરાંત પાકિસ્તાન સરકારને પણ અપીલ કરવામાં આવશે કે તે પોતાના વિસ્તારમાં આ રૂટ માટે સુવિધા ઉભી કરે. આ ઉપરાંત સરકારે એવો પણ નિર્ણય લીધો છે કે પંજાબના કપૂરથલા જીલ્લામાં પડતા સુલ્તાનપુર લોધી શહીરનો સ્માર્ટ સિટીના સ્વરૂપમાં વિકસીત કરવામાં આવશે. આ શહેરને 'પિંડ બાબે નાનક દા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ ઉપરાંત અમૃતસરમાં પણ ગુરૂ નાનકના નામે પણ યૂનિવર્સિટી બનાવવામાં આવશે, જ્યાં ધર્મના પાઠ ભણાવવામાં આવશે. આ યૂનિવર્સિટીનું આંતરરાષ્ટ્રિય યુનિવર્સિટી સાથે જોડાણ કરવામાં આવશે. તેવી જ રીતે રેલવે મંત્રાલય પણ ગુરૂનાનન દેવ સાથે સંકળાયેલા સ્થળો માટે સ્પેશિયલ ટ્રેનો ચલાવશે. ભારત સરકાર દ્વારા યૂનેસ્કોને પણ અપીલ કરવામાં આવશે કે ગુરૂ નાનકના વિચારોને તમામ ભાષાઓમાં પ્રકાશીત કરાવવામાં આવશે.

રીચાર્જ નહીં કરાવો તો ઈનકમિંગ કોલ સેવા પણ થઈ જશે બંધ

ટેલિકોમ કંપનીઓ અત્યાર સુધી ફ્રી ઈનકમિંગ કોલ સેવા આપતી હતી, હવે ગ્રાહકો પાસેથી વસુલશે પૈસા

નવી દિલ્હી

એરટેલ, વોડાફોન જેવી ટેલીકોમ કંપનીઓએ પ્રાઈસ વોરમાં થયેલ નુકશાન બાદ હવે પોતાની રણનીતિમાં ફેરફાર કરવો પડી રહ્યો છે. જિયોની એન્ટ્રી બાદથી ટેલિકોમ કંપનીઓએ સસ્તી અથવા ફ્રી કોલ્સ સેવા આપીને નુકશાન ભોગવવુ પડી રહ્યુ છે. ત્યારે હવે કંપનીઓએ પોતાની રણનીતિમાં ફેરફાર કર્યો છે. ટેલિકોમ કંપનીઓએ બહુ ટૂંક સમયમાં જ ફ્રી ઈનકમિંગ સર્વિસને બંધ કરી



શકે છે. ભારતમાં ૯૫ ટકાથી વધુ મોબાઈલ યુઝર્સ પ્રીપેડ સબ્સ્કાઈબર્સ છે અને ટેલિકોમ કંપની આ લોકોને પોતાની કંપની તરફ આકર્ષવા માટે નવા નવા પ્લાન રજુ કરતી રહી છે. જે અંતર્ગત ટેલિકોમ કંપનીઓ તરફથી આપવામાં આવતી સુવિધાઓમાં ફ્રી ઈનકમિંગ કોલ એક જ એવી સુવિધા છે જે સંપૂર્ણ રીતે ફ્રી હતી. જોકે હવે આ ફ્રી સુવિધા માટે યુઝર્સે પૈસા ચુકવવા માટે તૈયાર રહેવુ પડશે. સતત વધી રહેલ પ્રતિસ્પર્ધાના કારણે એરટેલ, વોડાફોન જેવી ટોચની ટેલિકોમ કંપનીઓએ છેલ્લા બે વર્ષમાં પોતાના કોલ્સની સાથે ડેટા રેટ્સમાં પણ મોટો ઘટાડો કર્યો છે. જોકે તેમ છતાં કંપનીઓએ નુકશાન ભોગવવુ પડી રહ્યુ છે.

દેશના અનેક રાજ્યોમાં ગેસ સિલિન્ડરના ભાવ આસમાને, ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

'મોદી રાજ'માં ગેસ સિલિન્ડરનો ભાવ ૧૦૦૦ને પાર.....!!?

ન્યુ દિલ્હી

એક તરફ પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટતા ભારતીયો ગેલમાં આવી ગયા છે, પરંતુ તેમના બજેટ પર ગેસ સિલેન્ડરના ભાવનો વધારો ઝીંકાયો છે. દેશના અનેક વિસ્તારોમાં ૧૪.૨ કિલોના એલપીજી સિલેન્ડરનો ભાવ ૧૦૦૦ને પાર પહોંચી ગયો છે. જાન્યુઆરીમાં ગેસ સિલેન્ડર ધારકો જેટલા રૂપિયા ચૂકવાતા હતા, તેના કરતા હવે તેમને ૨૦૦ રૂપિયા વધુ ચૂકવવા પડી રહ્યાં છે.

કર્ણાટકના બિદારમાં એક સિલેન્ડર ૧૦૧૫.૫૦ રૂપિયામાં વેચાઈ રહ્યું છે. બેગલુરુમાં સબસીડી વગરનું ઘરેલુ સિલેન્ડર ૯૪૧ રૂપિયામાં મળે છે. મેંગલુરુમાં સિલેન્ડરના ભાવ ૯૨૧ રૂપિયા છે. આ રીતે જ હુબલીમાં ૯૬૨ રૂપિયા અને બેલાગવીમાં ૯૫૬ રૂપિયામાં એક સિલેન્ડર વેચાઈ રહ્યું છે. આ પહેલા એપ્રિલ મહિનામાં સબસીડી વગરના ઘરેલુ સિલેન્ડરની કિંમત બેંગલુરુમાં ૬૫૪ રૂપિયા, મેગલુરુમાં ૬૩૦ રૂપિયા, હુબલીમાં ૬૭૦ રૂપિયા અને બેલાગવીમાં ૬૬૬ રૂપિયા હતી. બિદારમાં તે સમયે તેની કિંમત ૭૨૧ રૂપિયા હતી.

હાલ પટનામા ગેસ સિલેન્ડરન ૧૦૩૯ રૂપિયા તથા રાયપુરમાં ૧૦૧૭ રૂપિયામાં, દાર્જિલિંગમાં ૧૧૧૧ રૂપિયા, એઝવાલમાં ૧૦૮૧ રૂપિયા, જમ્મુ સેક્ટરમાં ૧૦૦૩ રૂપિયા તથા કર્ણાટકમાં ૧૦૧૫ને પાર પહોંચી ગયો છે. આમ, દેશના અનેક શહેરોમાં ગેસ સિલેન્ડર ચારના આંકડામાં વેચાઈ રહ્યો છે. ટેક્સ અને ડ્યુટીની સાથે આધાર મૂલ્ય ઉપરાંત બોટલિંગ પ્લાન્ટથી તેના અંતરના આધાર પર એક શહેરથી બીજા શહેરમાં એલપીજી સિલેન્ડરનો ભાવ અલગ અલગ હોય છે. બિદારમાં એલપીજીની સપ્લાય બેલાગવી બોટલિંગ પ્લાન્ટથી થાય છે. પબ્લિક સેક્ટરની ત્રણ તેલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા સમગ્ર રાજ્યમાં આવા ૧૧ પ્લાન્ટ સ્થાપિત કરાયા છે. ગેસ સિલેન્ડરના ભાવમાં આ વધારો ત્યારે થયો, જ્યારે હાલમાં જ પેટ્રોલ-ડીઝલના કિંમતમાં ક્રમશ ૭.૫૦ રૂપિયા તથા ૪ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે.

આજથી બેન્કો ત્રણ દિવસ સુધી રહેશે બંધ

ન્યુ દિલ્હી

આવતીકાલથી ૩ દિવસ માટે બેક્ક બંધ રહેશે. ખરેખર, ગુરુ નાનક જયંતિ ૨૩ નવેમ્બરે છે. જેના કારણે બેંકો બંધ છે. ત્યાર બાદ, ૨૪ તારીખે મહિનાનો ચોથો શનિવાર હોવાને કારણે બેંકોમાં રજા હશે. રવિવારે તો બેંકમાં રજા જ હોય છે. તેથી આ અઠવાડિયાના અંતમાં ત્રણ દિવસ માટે બેંક બંધ રહેવાના કારણે લોકોને સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. એટીએમમાં રોકડની સમસ્યા હોઈ શકે છે, તેથી આજે તમારા બેંક સંબંધિત તમામ કામ પૂરા કરી લો.

બેંક બંધ દરમિયાન તમે ડિઝિટલ ટ્રાન્ઝેકશનનો લેવડ-દેવડ માટે ઉપયોગ કરી શકો છો. બેંક ૨૩-૨૫ નવેમ્બર સુધી બંધ રહેશે.

મુંબઈ, નવી દિલ્હી, હૈદરાબાદ, રાયપુર, રાંચી, શ્રીનગર, દેહરદૂન, જમ્મૂ, કાનપુર અને લખનઉમાં ઈદ-એ-મિલાદ અને ગુરુનાનક જયંતિ બન્ને રજાઓ હશે એટલે બેંક ત્રણ દિવસ બંધ રહેશે. નવેમ્બર પહેલા અઠવાડિયામાં લાંબી છુટી રહી હતી. સાત નવેમ્બરે દિવાળી, આઠ નવેમ્બરે ગોવર્ધન પૂજા અને નવ નવેમ્બરે ભાઈબીજની રાજાઓને કારણે બેંક બંધ રહી. ત્યા ૧૦ નવેમ્બરે બીજો શનિવાર અને ૧૧ નવેમ્બરે તો રવિવાર હોવાને કારણે બેંકમાં પાંચ દિવસ રજાઓ હતી.



કોઈ આપે ઓછો ભાવ કે ઓછી મજુરી પણ સૌથી સસ્તું તો આપે એક જ

આર.એ.પરીખ જવેલર્સ બીલીમોરા (પશ્ચિમ)

એન્ટીક, જડતર, કલકત્તી, પ્લેઈન ગોલ્ડ, રોઝ ગોલ્ડ, રીયલ ડાયમંડની અસંખ્ય ડિઝાઈનો

વર્લ્ડ-ક્લાસ બ્રાંડસ, સંપૂર્ણ પારદર્શિતા

મો. ૯૬૨૪૧૧૧૮૯૯

દેશની અને ગુજરાતની સરકારી ખોરાક અને ઔષધ પ્રયોગશાળાઓના ફૂડ અનાલિસ્ટ્સને શહેરમાં ઓટોમેટેડ માઈક્રો બાયોલોજી ટેસ્ટિંગની તાલીમ અપાશે

ફ્રાન્સના નિષ્ણાતો વડોદરાની ફૂડ એન્ડ ડ્રગ્સ લેબ ખાતે આપશે તાલીમ

વડોદરા : પ્રધાનમંત્રીના મિશન મોડ હેઠળ દેશભરમાં સર્વ પ્રથમવાર વડોદરાની ખોરાક અને ઔષધ પ્રયોગશાળામાં ફ્રાન્સની બનાવટનું ઓટોમેટેડ માઈક્રો બાયોલોજીકલ ટેસ્ટિંગ ઈકવિપમેન્ટ સ્થાપિત કરવામાં આવ્યું છે જેનો આશય સરકારી ખોરાક અને ઔષધ પરીક્ષણ પ્રયોગશાળાઓને અદ્યતન સ્વચલિત અને ખુબજ સચોટ પરીક્ષણ સુવિધાઓ થી સુસજ્જ કરવાનો છે. FSSAI અને ફ્રાન્સ પ્રશાસન વચ્ચે થયેલા MOU ના અમલ રૂપે દેશની સરકારી ખોરાક અને ઔષધ પ્રયોગશાળાઓ પૈકી સર્વ પ્રથમવાર ગુજરાતમાં વડોદરાની સરકારી પ્રયોગશાળામાં આ અતિ આધુનિક ઉપકરણ રૂ.૬.૫ કરોડના ખર્ચે સ્થાપિત કરવામાં આવ્યું છે એ ઉલ્લેખનીય છે. હાલમાં પ્રાયોગિક ધોરણે એનું સંચાલન થઈ રહ્યું છે.

આ ઉપકરણ થી ખાદ્ય પદાર્થો અને દવાઓ (ઇન્જેકટેબલ), બંનેનું પરીક્ષણ થઈ શકે છે. પ્રધાનમંત્રીના મિશન મોડ હેઠળની આ નવી પહેલ અન્વયે દેશની અને ગુજરાતની પ્રયોગશાળાઓના ખોરાક અને ઔષધ વિશ્લેશકો-કેમિસ્ટ્સ,માઈક્રોબાયો લોજીકલ ટેકનીક્સની તાલીમ આપવા માટે રાજ્યના ખોરાક અને ઔષધ કમિશ્નર હેમંત કોશિયાના દિશાનિર્દેશો અને માર્ગદર્શન હેઠળ ૫ દિવસની કાર્યશાળાનું વડોદરા પ્રયોગશાળા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેનો ૨૬મી નવેમ્બરના રોજ પ્રારંભ થશે.

વડોદરા ખાતેના ખોરાક અને ઔષધ પ્રયોગશાળાના સંયુક્ત કમિશ્નર(ચકાસણી) વૈશાલી પટેલના જણાવ્યા પ્રમાણે આ ઉપકરણ ફ્રાન્સની બાયો મિરેકસ કંપની દ્વારા બનાવવામાં આવે છે. એ કંપની તથા ફ્રાન્સના ખેતીવાડી ખાતાના નિષ્ણાતો વડોદરા ખાતે રોકાણ કરીને વર્કશોપમાં આ તાલીમ આપશે. આ તાલીમી વર્કશોપમાં ગુજરાતની વડોદરા, અમદાવાદ, ભુજ અને રાજકોટની પ્રયોગશાળાઓ સહિત દેશની આવી સરકારી પ્રયોગશાળાઓના ૨૧ જેટલા ફૂડ એનાલીસ્ટ ભાગ લેશે

પિયત સુવિધા ધરાવતા ખેડૂતોને વિનામૂલ્યે ઘાસચારા કીટ અપાશે

ભુજ : કચ્છ જિલ્લામાં ચાલુ ખરીફ ઋતુ-૨૦૧૮માં સરેરાશ ૧૧૧ મી.મી. જેટલો ઓછો વરસાદ થવાને કારણે મર્યાદી ઘાસચારો પેદા થયેલ અને અછતની પરિસ્થિતિ ઉભી થયેલ છે. જેને ધ્યાને લઈને રાજય સરકાર દ્વારા સમગ્ર કચ્છ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે. કચ્છ જિલ્લામાં પશુ ગણતરી-૨૦૧૨ મુજબ ઉપયોગી પશુઓની સંખ્યા ૯,૫૮,૮૨૯ જેટલી છે. જેને ધ્યાને લઈને આગામી રવિ તથા ઉનાળુ ઋતુમાં પુરતા પ્રમાણમાં પશુઓને ઘાસચારો ઉપલબ્ધ થાય તે હેતુથી ખેતીવાડી શાખા જીલ્લા પંચાયત દ્વારા રૂ.૬૩ લાખના ખર્ચે મકાઇ, હા.જુવાર, હા.બાજરા તથા રજકાના ૫૯૮૦ ઘાસચારા કિટનું વિનામૂલ્યે વિતરણ જિલ્લાના ખેડૂતોને કરવામાં આવી રહયું છે. જે ખેડૂતો પિયતની સુવિધા ધરાવતા હોય તે ખેડૂતોને વિનામૂલ્યે ઘાસચારા કિટ મેળવવા માંગતા હોય તેઓએ ગ્રામસેવકનો સંપર્ક કરી કિટ મેળવવા અંગે નોંધણી કરાવવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત-કચ્છ દ્વારા અનુરોધ કરાયો છે.

અંકલેશ્વરની હોસ્પિટલમાં ઘૂંટણ થાપાના રોગ અંગે નિદાન કેમ્પ

સરદાર પટેલ હોસ્પિટલ શિબિરનું આયોજન

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર સ્થિત સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટીટ્યુટ ખાતે તા.૨૩મી અને તા.૩૦મી નવેમ્બરના રોજ ઘૂંટણ અને થાપાને લગતી તકલીફોનાં નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરાયું છે.

તા.૨૩મી અને ૩૦મી નવેમ્બરના રોજ ઘૂંટણ અને થાપાને લગતી તકલીફોનાં નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરાયું છે. નવેમ્બરનાં રોજ સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા દરમિયાન યોજાનાર આ કેમ્પમાં સુરતના પ્રખ્યાત સર્જન ડૉ. કેવિન ચોકસી દર્દીઓને તપાસી નિદાન કરશે. આ કેમ્પમાં ડોક્ટર કન્સલ્ટેશન, યુરિક એસિડ ટેસ્ટ અને હાડકાની ઘનતા માપવા અંગેની નિઃશુલ્ક સેવા આપવામાં આવશે. તેમજ થાપાના સાંધાનું પ્રત્યારોપણ, સ્નાયુ કાપ્યા વિના ઘૂંટણનો સાંધો બદલવાની અને અડધો ખાંધો બદલવાની સારવાર પણ ઉપલબ્ધ કરાવાશે. હોસ્પિટલ દ્વારા દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા અપીલ કરાઈ છે.

વડતાલમાં સ્વામીનારાયણ સંસ્થાન દ્વારા રૂા.૨૩૬ લાખના ખર્ચે નવનિર્મિત વડતાલ ધામ બસ સ્ટેશનનું આજે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

વડતાલ ધામમાં દર્શનાર્થે આવતા યાત્રાળુઓ તથા મુસાફરોની સુવિધામાં વધારો થશે

નડિયાદઃ સુપ્રસિધ્ધ યાત્રાધામ વડતાલ ખાતે યાત્રિકો તથા મુસાફરોની સુવિધા માટે શ્રી સ્વામીનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા વડતાલ ખાતે અંદાજે રૂા.૨૩૬ લાખના ખર્ચે નવનિર્મિત થયેલ અત્યાધુનિક વડતાલ બસ સ્ટેશનનું મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આવતીકાલ તા.૨૩-૧૧-૨૦૧૮ ના સવારે ૧૦.૩૦ કલાકે વાહન વ્યવહાર રાજ્યમંત્રી ઇશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરશે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દેવદિવાળીના પાવન દિને સુપ્રસિધ્ધ સંતરામ મંદિર, નડિયાદ ખાતે દર્શન કરશે. મુખ્યમંત્રી વડતાલ સ્વામીનારાયણ મંદિરમાં દર્શન કરી પૂજા-અર્ચના કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૪૩૫૦ ચો.મી. જમીન વિસ્તારના પૈકી ૬૫૫.૪૨ ચો.મી. વિસ્તારમાં અત્યાધુનિક બસ સ્ટેશનનું બાંધકામ કરવામાં આવ્યું છે. આ નવીન બસ સ્ટેશનમાં પાંચ પ્લેટફોર્મ, મુસાફરો માટે બેઠક વ્યવસ્થાનો સાથેનો વેઇટીંગ હોલ, ટીકીટ/બારી ઓફિસ, બુકીંગરૂમ, ડ્રાઇવર-કંડક્ટર રેસ્ટ રૂમ, ટ્રાફિક કંટ્રોલ રૂમ, કેન્ટીગ, વોટર રૂમ, પાર્સલ રૂમ, મહિલા તથા પુરૂષો માટે અલાયદી શૌચાલય સહિત દિવ્યાંગ વ્યક્તિઓ માટે ખાસ પ્રકારના શૌચાલય તથા રેમ્પની સુવિધા ઉભી કરવામાં આવી છે.

શ્રી સ્વામીનારાયણ વડતાલ ધામમાં નવનિર્મિત બસ સ્ટેશનથી મંદિરમાં દર્શનાર્થે આવતા યાત્રાળુઓ તેમજ મુસાફરોની પરિવહન સેવામાં વધારો થશે.

આ અવસરે સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો મહંતો, મુખ્ય દંડક પંકજભાઇ દેસાઇ, સાંસદ દેવુંસિંહ ચૌહાણ, ધારાસભ્યો, પદાધિકારીઓ તેમજ મહાનુભાવો હાજર રહેશે.

જસદણ વિધાનસભા બેઠકની પેટાચુંટણીની તારીખ જાહેર થઈ

ચૂંટણીપંચ દ્વારા પેટા ચૂંટણીની તારીખની જાહેરાત કરી - આગામી ૨૦ ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે - ૨૩ મીએ પરિણામ

રાજકોટ જિલ્લાની જસદણ વિધાનસભા બેઠક પર ગત વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસના કુંવરજીભાઈ બાવળીયાએ વિજય પ્રાપ્ત કર્યો હતો. બાદમાં કુંવરજીભાઈએ કેસરીયો ખેસ ધારણ કરી લેતા ભાજપે તેઓને કેબિનેટ મંત્રીનું પદ સોંપ્યું હતું. તેઓનાં કોંગ્રેસમાંથી રાજીનામા બાદ જસદણ વિધાનસભા બેઠક ખાલી થઈ હતી. આ બેઠકની પેટાચુંટણી માટે ચુંટણીપંચ દ્વારા છેલ્લા ઘણા દિવસોથી તૈયારીઓ કરવામાં આવી રહી છે. હવે આ તમામ તૈયારીઓ પૂર્ણ થઈ જતા ચુંટણીપંચ દ્વારા તારીખ જાહેર કરવામાં આવી છે

અત્રે ઉલ્લેખનીય છે કે જસદણ વિધાનસભા બેઠકની પેટાચુંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસે પણ તૈયારીઓ આરંભી દીધી છે. ભાજપ દ્વારા આ બેઠકમાં ઉમેદવાર તરીકે કુંવરજીભાઈ બાવળીયાનાં નામની સતાવાર જાહેરાત ઘણા દિવસો પૂર્વે કરી નાખવામાં આવી છે. જયારે કોંગ્રેસ દ્વારા ઉમેદવારનાં નામની સતાવાર જાહેરાત આગામી દિવસોમાં કરવામાં આવનાર છે. હાલ કોંગ્રેસ પક્ષનાં અગ્રણીઓમ)થી મળતી માહિતી પ્રમાણે જસદણ વિધાનસભા વિસ્તારમાં કોળી સમાજની વસ્તી વધુ હોવાથી કોંગ્રેસે જિલ્લા પંચાયતનાં પૂર્વ ઉપપ્રમુખ તેમજ કોળી આગેવાન અવસરભાઈ નાકીયાનું નામ નકકી કરી નાખ્યું છે. આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા જસદણ વિધાનસભા બેઠકમાં ઉમેદવાર તરીકે અવસરભાઈ નાકીયાનાં નામની સતાવાર જાહેરાત કરવામાં આવશે.

તાજેતરમાં ચુંટણીપંચ દ્વારા રાજકોટ જિલ્લાની ચુંટણી શાખા સાથે વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મતદારયાદીની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત ચુંટણી શાખાના અધિકારીઓને જરૂરી સુચના પણ આપી દેવામાં આવી હતી. આમ ચુંટણીપંચ દ્વારા તમામ તૈયારીઓની સમીક્ષા કર્યા બાદ જસદણ પેટાચુંટણીની સતાવાર જાહેરાત કરવામાં આવી છે.

જસદણ વિધાનસભા બેઠકની પેટાચુંટણી જાહેર થવાનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચુકયું છે ત્યારે બંને મુખ્ય પક્ષો આ બેઠક પર વિજય મેળવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. પેટાચુંટણીને ધ્યાને લઈ જિલ્લા ભાજપ દ્વારા આગામી ૨૨મીએ જસદણમાં સ્નેહમિલનનું આયોજન કર્યું છે. મળતી માહિતી મુજબ આ સ્નેહમિલનને એક પ્રકારનું શકિત પ્રદર્શન પણ ગણી શકાય. ભાજપ દ્વારા કોળી સમાજને ધ્યાને રાખીને વધુમાં વધુ આગેવાનોને પોતાની તરફ ખેંચવામાં આવનાર છે. જસદણ વિધાનસભા બેઠકના ઉમેદવારનું નામ કોંગ્રેસ દ્વારા સતાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી પરંતુ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અવસર નાકીયાને કોંગ્રેસ ઉમેદવાર તરીકે જાહેર કરશે તે વાત નકકી હોવાનું ચર્ચાઈ રહ્યું છે ત્યારે હાલ કોંગ્રેસના અગ્રણી ગણાતા ભોળાભાઈ ગોહિલને કોંગ્રેસમાં ટીકીટ ન મળવાનો આસાર દેખાતા તેઓ ભાજપને મદદરૂપ બની રહ્યા હોવાની ચર્ચાએ પણ વેગ પકડયો છે.

છેલ્લા ૭ વર્ષથી રિટર્ન ફાઈલ ન કરનારને નોટીસ ફટકારાઈ

રાજકોટ

શેરબજાર કે પ્રોપર્ટી કે અન્ય કોઈ પણ જગ્યાએ આજથી ૭ વર્ષ પહેલા જેણે રિટર્ન ફાઈલ નથી કર્યું અને ૧૦ લાખથી વધુ રકમની કેશ ડિપોઝિટ કરી છે અથવા તો રોકાણ કર્યું છે, તે તમામના કેસ રિએસેસમેન્ટમાં ગયા છે. જેમાં ૧૪૮ કલમ મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેને કારણે ચા, પાણી, પાનના ધંધાર્થી, બિલ્ડર, સોની વ્યાપારીઓ વગેરેને નોટિસ આપવામાં આવી રહી છે. જેમાં આવકવેરા વિભાગે નાણાં કયાંથી આવ્યા?, કેટલી આવક છે?, આવક અને રિટર્ન મેચ નથી થતા તો નાણાં કોણે ક્યાંથી આપ્યા? જેવા અનેક મુદ્દાની પૂછપરછ કરવામાં આવી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષના કેસ હાલમાં આવકવેરા વિભાગમાં રિઓપન થયા છે. જેની સંખ્યા સૌરાષ્ટ્રમાં બે હજારથી પણ વધુ છે. એક પણ શંકાસ્પદ કેસ આવકવેરા વિભાગે મુકયા નથી.

કરચોરોની તો પૂછપરછ કરી જ છે સાથે તેના પરિવારજનો, સગાં વહાલા દરેકની આવક શું છે. તેની તમામ માહિતી આવકવેરા વિભાગે એકત્રિત કરી રહ્યા છે. જે કેસમાં કરદાતાઓએ માહિતી નથી આપી તેઓની માહિતી બેંક, સ્ટોક એક્સચેન્જ પાસેથી મેળવી લેવામાં આવી છે.

આવકવેરા વિભાગે લેટર લખી નામાનાની માહિતી મેળવી લીધી છે. જે કોઈને નોટિસ મળી છે તેઓને પણ ડિસેમ્બર સુધીમાં જવાબ આપવાના છે.

વિરમગામ સમધારા ટીમ દ્વારા "જીંદગીને હા તમાકુને ના" વિષય પર નાટક રજુ કરવામાં આવ્યુ



વિરમગામ તાલુકામાં આવેલ આઈપીએસ સ્કુલ ખાતે યલો લાઈન અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરાયુ વિરમગામ સમધારા ટીમ દ્વારા "જીંદગીને હા તમાકુને ના" વિષય પર નાટક રજુ કરવામાં આવ્યુ

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકામાં આવેલ ઈન્ડીયન પબ્લીક સ્કુલ ખાતે યલો લાઈન અભિયાન અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આઈ.પી.એસ સ્કુલની બહાર બહાર કોપ્ટા એક્ટ ૨૦૦૩ સેક્શન ૬ (બી)ના કાયદા અંતર્ગત ૧૦૦ મીટરના અંતર પર યલો લાઈન દોરવામાં આવી હતી. આઈપીએસ સ્કુલમાં વિરમગામ સમધારા ટીમ દ્વારા "જીંદગીને હા તમાકુને ના" વિષય પર નાટક રજુ કરવામાં આવ્યુ હતુ. યલો લાઈન કેમ્પેઈનમાં ભાગ લેનારા તમામ અધિકારી, કર્મચારીઓ, વિદ્યાર્થીઓને ફેઈથ ફાઉન્ડેશન દ્વારા પીળા કલરની ટોપી આપવામાં આવી હતી. આ ઉપરાંત નવયુગ સ્કુલ ખાતે પણ વિદ્યાર્થીઓને વ્યસન મુક્તિ અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર ડો.સંગીતા પટણી, સુપરવાઈઝર કે.એમ.મકવાણા, શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, તમાકુના સેવનથી દર વર્ષે વિશ્વમાં ૫૫ લાખથી વધુ લોકો મોતને ભેટે છે. ભારતમાં દર વર્ષે ૧૦ લાખથી વધુ લોકો તમાકુના સેવનના કારણે મૃત્યુ પામે છે. ભારતમાં તમાકુના સેવનથી દરરોજ ૨૭૦૦થી વધુ લોકો મૃત્યુ પામે છે અને દર મિનીટે બે વ્યક્તિ મોતને ભેટે છે. ભારતમાં કેન્સરના ૧૦૦ પૈકી ૪૦ કેસો તમાકુ સાથે સંકળાયેલા હોય છે અને મોઢાના કેન્સરના લગભગ ૯૫ ટકા જેટલા કેસો તમાકુના સેવનના લીધે થાય છે.

નર્મદા ડેમમાં પાણીનો જથ્થો વધારવા મધ્યપ્રદેશથી પાણી છોડાયું

ભરૂચ

પીવાના, સિંચાઈના અને વપરાશના પાણીની આ વર્ષે વરસાદની ઘટને લઈને સંકટની સ્થિતિ સર્જાઈ ચૂકી છે ત્યારે તેના ઉપાયો અંગે વિચારવા પ્રશાસન માટે અગત્યનો પ્રશ્ન બની રહ્યો છે. ગુજરાતની જીવાદોરી નર્મદા ડેમમાં પાણીનો જથ્થો વધારવાના પ્રયત્નરુપે મધ્યપ્રદેશથી પાણી છોડવામાં આવ્યું હોવાના સમાચાર સામે આવી રહ્યાં છે.સિંચાઈ અને પીવાના પાણી માટે નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. આ સમયે ડેમની સપાટી ધીમેધીમે ઓછી થઈ રહી છે. આ સંજોગોમાં મધ્યપ્રદેશમાંથી પાણી છોડવામાં આવતા નર્મદા ડેમની સપાટીમાં વધારો થયો છે.મધ્ય પ્રદેશમાંથી ૧૨,૨૨૯ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ પાણીની સતત આવકથી ડેમની સપાટીમાં વધારો થયો છે. હાલ ડેમની સપાટી વધીને ૧૨૭.૬૧ મીટર પર પહોંચી છે. હાલ નર્મદા ડેમમાંથી પીવા તેમજ સિંચાઈ માટે મુખ્ય કેનાલમાંથી ૧૯,૯૯૫ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલ નર્મદા ડેમમાં ૨૮૭૭ દ્વષ્ઠદ્વ મિલિયન ક્યુબીક મીટર પાણીનો જથ્થો છે.

ગત વર્ષ કરતા આ વર્ષે ડેમમાં બમણું પાણી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. સરકારે દાવો કર્યો છે કે નર્મદા ડેમમાં પાણીનો જે જથ્થો છે તે ગુજરાતને પીવા તેમ જ સિંચાઈ માટે એક વર્ષ સુધી ચાલી શકે છે.

તો સામે પક્ષે સતત બીજા વર્ષે નર્મદામાં પાણીની ઘટ પડી હોવાથી આગામી દિવસોમાં રાજ્યમાં પાણીની તીવ્ર અછત સર્જાશે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે શિયાળું પાક માટે પાણી છોડવામાં આવ્યા બાદ, તેમ જ સૌની યોજના અંતર્ગત વિવિધ ડેમો ભરાયા બાદ ફેબ્રુઆરી કે માર્ચ સુધીમાં ડેમનું તળિયું દેખાય તેવી ભીતિ છે. આ સંજોગોમાં ગુજરાતને મધ્યપ્રદેશમાંથી વધુ પાણી મેળવવું પડે તેમ છે.

નકલી નોટો છાપવાનું કૌભાંડ ઝડપાયુંઃ ત્રણની ધરપકડ

રાધનપુર

પાટણ જિલ્લાના રાધનપુરમાં નકલી નોટોનો કારોબાર પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. રાધનપુરના સાતુંનમાં ત્રણ શખ્સોએ ભેગા મળી રૂપિયા એકથી બે હજાર સુધીની નકલી નોટ છાપતા હોવાની બાતમીના આધારે પોલીસે રહેણાંક મકાનમાં રેડ કરી રૂપિયા ૧.૨૭ લાખની નકલી બનાવટી નોટો ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છે. રાધનપુરના સાતુંન ગામે રહેણાંક મકાનમાં ભારતીય ચલણની અલગ અલગ દરની ચલણી નોટો કલર પ્રિન્ટર દ્વારા બનાવી તેનો ચલણમાં ઉપયોગ કરવાનું કૌભાંડ ચાલી રહ્યું છે. જેબાતમી પાટણ એલ.સી. બી પોલીસને મળતા તેઓએ રાધનપુર પોલીસને સાથે રાખી સંયુક્ત ટીમ બનાવી સાતુંન ગામે રહેતા સુથાર બળદેવ ભાઈના રહેણાંક મકાનમાં રેડ કરતા ચૌધરી ભગવાન ભીખા અને ચૌધરી ભાવા શિવા ભારતીય બનાવટની રૂપિયા એકથી લઈ બે હજારના દરની ચલણી નકલી નોટો કલર પ્રિન્ટર દ્વારા નકલી નોટો છાપતા હતા.

જો કે આ બાબતની જાણ પોલીસના ધ્યાને આવતા સમગ્ર કૌભાંડ ઝડપાઈ જવા પામ્યું હતું. હાલમાં પોલીસે ઘટના સ્થળેથી રૂપિયા ૧,૨૭ લાખની નકલી નોટો જપ્ત કરી છે તો સાથે પ્રિન્ટર અને કાર્ટીઝ તેમજ તેઓના મોબાઈલ મળી કુલ ૧,૩૭ લાખનો મુદ્દામાલ કબજે કરી ત્રણેય ઈસમોને રાધનપુર પોલીસ મથકે લાવી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચ ખાતે સ્વસ્થ ભારત સાયકલ યાત્રાનું આગમન- સાયકલ સવારોનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું



નિવાસી કલેક્ટર અને અન્ય અધિકારીગણના હસ્તે સાયકલીસ્ટોને સન્માનિત કરી પ્રમાણપત્ર એનાયત કરાયા
સાયકલ યાત્રા ધ્વારા મહાત્મા ગાંધીજીના દેશ પ્રત્યેના સમર્પણ અને ત્યાગને ઉજાગર કરવાનો ઉદ્દેશ

ભરૂચઃ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના ફુડ એન્ડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ ઓથોરીટી ઓફ ઇન્ડીયાના ઉપક્રમે સમગ્ર દેશમાં તા.૦૨ જી ઓક્ટોબરથી આયોજીત સ્વસ્થ ભારત સાયકલ યાત્રા ભરૂચ ખાતે આવી પહોંચતા જેનું જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા ઉષ્માભેર સ્વાગત કરાયું હતું. ઇટ રાઇટ ઇન્ડીયા મુવમેન્ટની થીમ પર કુપોષણ, ખોરાકથી તથા બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે તેવા ઉદ્દેશથી સ્વસ્થ ભારત સાયકલ યાત્રા નામની દેશ વ્યાપી સાયકલ યાત્રા સુરત જિલ્લામાંથી ભરૂચ જિલ્લામાં પ્રવેશ થતાં દર્શન હોટલ, પાનોલી ખાતે સાયકલીસ્ટોનું ભાવભીનું સ્વાગત કરાયું હતું. ભરૂચના પંડિત ઓમકારનાથ ઠાકોર હોલ ખાતે આયોજીત સ્વાગત સમારોહમાં નિવાસી અધિક કલેક્ટર આઇ.જે.માળી, પ્રાંત અધિકારી દેસાઇ, પ્રાંત અધિકારી રમેશભાઇ ભગોરા, ખોરાક ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ તથા અન્ય અધિકારીગણના હસ્તે સાયકલીસ્ટોને સન્માન કરી પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

સાયકલ યાત્રા ધ્વારા ભરૂચવાસીઓને નોન કોમ્યુનીકલ રોગોના નિયંત્રણ માટે હેલ્થી ફુડ માટેની અપીલ કરતાં ઓડિયો - વિડીયો તેમજ તજજ્ઞ ન્યુટ્રિશિયનો ધ્વારા ખોરાક અંગે સમજણ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આ સાયકલ યાત્રાનો ઉદ્દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના દેશ પ્રત્યેના સમર્પણ અને ત્યાગને ભાવાંજલિ આપવાનો તેમજ દેશની જનતાને ફોર્ટીફાઇડ ફુડ મળી રહે તે માટે જનજાગૃતિ લાવવાનો છે.

સ્વસ્થ ભારત યાત્રા સફળતાપૂર્વક પાર પડે અને ગુજરાતની પ્રજાને સ્વસ્થ, સ્વચ્છ, પોષણયુક્ત ખોરાક મળી રહે અને છેવાડાના માનવીને પણ શુધ્ધ અને સારૂ ભોજન મળી રહે તે અંગે માહિતગાર કરવામાં આવશે. આ યાત્રામાં તા.૨૩ નવેમ્બર ના રોજ સવારે ૦૬:૩૦ કલાકે મેરેથોન દોડ પંડિત ઓમકારનાથ ઠાકોર કલાભવન હોલ ખાતેથી નિકળી શક્તિનાથ થઇ શ્રવણ ચોકડીથી પરત ટાઉન હોલ ભરૂચ ખાતે આવશે. સવારે ૦૭:૩૦ કલાકે પ્રભાતફેરી નિકળશે જે ટાઉન હોલથી નિકળી કલેક્ટર કચેરી, સિવિલ હોસ્પિટલ થઇ શક્તિનાથથી પરત ટાઉન હોલ આવશે. સવારે ૦૮:૩૦ થી ૧૧:૩૦ પબ્લીક મિટીંગ, મેડીકલ ચેકઅપ, બ્લર્ડ ડોનેશન કેમ્પ તથા સાંસ્કૃત્તિક કાર્યક્રમ યોજાશે. તા.૨૪ મી નવેમ્બરના રોજ ફ્લેગ ઓફ સેરેમની પંડિત ઓમકારનાથ ઠાકોર કલાભવન હોલ ખાતે યોજાશે.

સમગ્ર ભારતમાં આ યાત્રા વિવિધ સ્થળોએથી શરૂ થઇને હજાર કિલો મીટરનું ભ્રમણ કરીને નવી દિલ્હી ખાતે સંપન્ન થશે.

ધરમપુરમાં પૂ. દિતિયા બાપાની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી

ભક્તિ જ્યોત યાત્રાએ ધર્મ પ્રચાર અર્થે ગામડામાં પરિભ્રમણ કર્યું

વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના શ્રીરામ ભક્ત મંડળ વીરવલ દ્વારા પ.પૂ. દિતિયાબાપાની ૧૫૦ જન્મ જયંતિ અવસરે તા.૧૯ થી ૨૨ નવેમ્બરે, ૨૦૧૮ દરમિયાન ભક્તિજયોત યાત્રાનું આયોજન કરાયું છે. આ યાત્રા વિવિધ ગામોમાં ફરી ધર્મપ્રચાર કરી આછવણીના પ્રગટેશ્વરધામ ખાતે આવી પહોંચી હતી. જ્યાં આ યાત્રાનું પ્રગટેશ્વરધામના ધર્માચાર્ય પૂ. પરભુદાદા અને રમણબા દ્વારા ભક્તિભાવપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અવસરે ધર્માચાર્ય પરભુદાદાએ પૂ.દિતિયાબાપાએ તેમના જીવનકાળ દરમિયાન કરેલા સેવાકાર્યોને યાદ કર્યા હતા. ભક્તિ જ્યોત યાત્રામાં બિપીનભાઇ, રામભાઇ, ગુલાબભાઇ, ઠાકોરભાઇ, ચંપકલાલ સહિત પૂ.દિતિયાબાપાના ભક્તજનો, પ્રગટેશ્વરધામ શિવ પરિવારના શિવભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.

પાડોશીએ અવાજ ઉઠાવતા ગોળી મારવાની ધમકી આપી
કાયદાની ઐસીતૈસીઃ ભાવનગરનાં પીઆઈએ ગેરકાયદેસર બાંધકામ કર્યું

અમદાવાદ

શહેરના સરદારનગર વિસ્તારમાં ખાખીધારી અધિકારીએ કાયદાની ઐસીતૈસી કરીને સ્થાનિક જનતાને ભયભીત કરતો હોય તેવા આરોપ સાથે એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં ભાવનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈએ ગેરકાયદેસર બાંધકામ કરીને પાડોશીને જાનથી મારી નાંખવા અને ગોળી મારવાની ધમકી આપી હોવાનું જે ખાખી સમાજના લોકોની રક્ષા કરવા માટે પહેરી હતી તે જ ખાખીનો દૂરુપયોગ કરીને સમાજના લોકોને ભયભીત કરવાનો પ્રયાસ એક પોલીસ અધિકારી કરી રહ્યો હોય તેવા સીસીટીવી ફૂટેજ સામે આવતા પોલીસ બેડામાં ચકચાર ફેલાઇ ગઇ છે. આ સમગ્ર ઘટનાની શરૂઆત ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાંચમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટરના ઘરના બાંધકામથી શરૂ થઈ છે. પોલીસ ઈન્સ્પેક્ટર દિપક મિશ્રાએ પોતાના ઘરનું બાંધકામ ચાલુ કર્યું ત્યારે પાડોશીના મકાન પર બાંધકામના બીમ મૂકી દીધા અને ખોટું દબાણ ઊભું કર્યું હતું. આ બાબતે પહેલાં પાડોશીએ સમજાવટથી વાત કરી અને બીમ હટાવી લેવા કહ્યું હતું. ત્યારે પોલીસ અધિકારીનો પરિવાર ખાખીના ગુમાનમાં મન ફાવે તેમ વર્તન કરવા લાગ્યું હતું. પરેશાન પાડોશીએ પોતાના હક માટે કોર્પોરેશનમાં અરજી કરીને સત્તાવાર નોટિસ મોકલાવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટરના ઘરનું બાંધકામ ગેરકાયદેસર છે નોટીસ મળતાં ખાખીધારી પોલીસ ઈન્સ્પેક્ટરે પોતાનો ખેલ શરૂ કર્યો હતો.

અંકલેશ્વર શહેર પોલીસના પીએસઆઈ સુથાર દ્વારા નિર્દોષ લોકો પર દમન

લારીવાળાઓ પર દંડાવાળી કરાતા રેન્જ આઈજીને ફરિયાદ

સુરત

અંકલેશ્વર શહેર પોલીસ મથકે ફરજ બજાવતા પીએસઆઈ સુથારની દમનકારી નીતિ અને વિના વાંકે લોકોને ઝુડવાની પદ્ધતિ સામે બે યુવાનોએ વડોદરા રેંજ આઈજીને પણ ફરિયાદ કરતા મામલો ગરમાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર અંકલેશ્વર પિરામણ નાકા વિસ્તારમાં ચાઈનીઝ પિત્ઝાની લારી ચલાવતો મોહંમદ સાજીદ ઈમ્તિયાઝ શેખ તા.૧૯મીની રાત્રે પોતાની લારી પર કામ કરતો હતો. ત્યારે અચાનક જ પીએસઆઈ સુથારે આવીને તેને ગાળા ગાળી કરીને દંડાવાળી કરી હતી. કોઈપણ વાંક વગર બે જમાદારો સાથે સરકારી ગાડીમાં આવેલા પીએસઆઈ સુથારે નિર્દયી રીતે સાજીદને માર માર્યો હતો કે એમની લાકડી સુદ્ધા તૂટી ગઈ હતી. સાજીદે તાત્કાલિક સારવાર માટે દોડવું પડયું હતું. નોંધનીય છે કે અગાઉ પણ પીએસઆઈ સુથારે ગુલનાર સોસાયટીમાં રહેતાં સૈયદ મહેબૂબ અલીને તથા એક ગરીબ ચાની લારીવાળાને પણ માર માર્યો હતો. પીએસઆઈ સુથારની આ રીતે આડેધડ ગરીબોને મારવાની કાયદા વિરૂદ્ધની પ્રવૃત્તિ અંગે સાજીદ શેખ તથા સૈયદ મહેબૂબ અલીએ જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા, અંકલેશ્વરના ડીવાયએસપી લખધીરસિંહ ઝાલા તેમજ શહેર પીઆઈ જીજ્ઞેશ અમીનને લેખિતમાં ફરિયાદ કરી છે અને એની નકલ વડોદરા રેન્જ આઈજીને પણ રવાના કરતા મામલો ગરમાયો છે. આ અંગે જિલ્લા પોલીસવડાનો સંપર્ક સાધતા તેમનો ફોન નો રિપ્લાય થયો હતો.

અંકલેશ્વર શહેર પોલીસના સ્ટાફની નિરંકુશ દાદાગીરી નગરજનો માટે ત્રાસ રૂપ બની રહી છે. અગાઉ નવરાત્રિ ટાણે પણ રાત્રે યુવાનો ગરબામાંથી પાછા આવતા હોય ત્યારે એમના પર તેમજ દુકાનદારો પર પણ દંડાવાળી શહેર પોલીસે કરી હતી. અંકલેશ્વરનાં પ્રજાજનોને પોતે શાંત ગુજરાતમાં નહીં પરંતુ પોલીસ દમનથી કુખ્યાત યુપી બિહારમાં રહેતાં હોય એવો અનુભવ થઈ રહ્યો છે.

અંકલેશ્વરમાં ચોરીઓ કે દારૂ જુગારનાં અડ્ડાઓને અટકાવવાના બદલે કે શહેરમાં તમામ સ્થળે વકરતી ટ્રાફિક સમસ્યાનો નિકાલ લાવવાનાં બદલે પીએસઆઈ સુથાર કે અન્ય પોલીસ સ્ટાફ નિર્દોષ અને ગરીબ લારીવાળાઓ પર જે જુલ્મ ગુજારી રહ્યા છે એની સામે લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. બે યુવાનોએ આ અંગે હવે ફરિયાદ કરી છે અને પગલાં ન લેવાય તો કોર્ટમાં જવાનો નિર્ણય પણ કર્યો છે. ત્યારે આગળ શું થાય છે એ જોવું રહ્યું!!

ટેક્સટાઈલ માર્કેટમાં વેપારી સાથે અકસ્માત કરી રૂા. ૩૫ હજારની ચોરી

પરવત પાટિયા, શક્તિનગર, ગંગા એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૭૦૩માં રહેતા વેપારી હિતેષભાઇ દીપચંદભાઇ લોહીયા ગઇ તા.૨૦/૧૧/૨૦૧૮ના રોજ સાંજે રિંગરોડ,પી.ટી.એમ ટેક્ષટાઇલ માર્કેટની બાજુમાં આવેલ એન.ટી.એમ માર્કેટની ગલીમાંથી પગપાળા જતા હતા દરમિયાન બે અજાણ્યાએબાઇકઅથડાવી માથાકૂટ કરીહતીબીજીતરફચાલતા-ચલતા આવેલો ત્રીજા અજાણ્યાએ નજર ચૂકવી હિતેષભાઇ લોહીયાના ગજવામાંથી રોકડા રૂ.૩૫હજાર કાઢી લીધા હતા બાદમાં ત્રણેય ગઠિયા ભાગી ગયા હતા.





સોમનાથ ખાતે રૂા. ૨૧ કરોડનાં ખર્ચે નિર્માણ થનાર અતિથિગૃહનું ભુમિપૂજન કરતા નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ

વેરાવળ-તાલાળા રાજ્યધોરી માર્ગને પહોળો કરવાનાં કાર્યનું ખાતમુહૂર્ત અને સરકારી આવાસોનાં લોકાર્પણ સંપન્ન





વેરાવળ ખાતે નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલનાં હસ્તે રૂા. ૭૫ કરોડનાં વિકાસકાર્યોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત સંપન્ન

ગીર-સોમનાથ : સોમનાથ મહાદેવનાં સાનિધ્યમાં આજે નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલે પુજાવિધી કરી રૂા. ૭૫ કરોડનાં ખર્ચે જુદા-જુદા ત્રણ વિકાસનાં કામોનું ખાતમુહૂર્ત / લોકાર્પણ કર્યું હતું.

ભગવાનશ્રી સોમનાથની પવિત્ર ભુમિ પર પ્રભાસ-પાટણ ખાતે રૂા. ૨૧ કરોડનાં ખર્ચે નિર્માણ થનાર અતિ આધુનિક અતિથિગૃહ તથા વેરાવળ-તાલાળા રાજ્ય ધોરીમાર્ગનાં ૨૩ કિ.મી. રસ્તાને રૂા. ૨૭ કરોડનાં ખર્ચે ૧૦ મીટર પહોળો કરવાનાં કામોનું ખાતમુહૂર્ત તેમજ સરકારી અધિકારી/કર્મચારીઓ માટે રૂા. ૨૭ કરોડનાં ખર્ચે નવનિર્મિત ૯૫ આવાસોનું લોકાર્પણ એમ કુલ ત્રણ રૂા. ૭૫ કરોડનાં માળખાગત વિકાસકામોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત નાયબ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીએ તકતી અનાવરણ કરી કહ્યું કે, દેશ-દુનિયાનાં પ્રવાસીઓ દરવર્ષે સોમનાથ દાદાનાં દર્શને આવી ધન્યતા અનુભવે છે. સગવડ, સુવિધા અને લોકોની સલામતી માટે સરકાર કટિબધ્ધ છે. આજે વિકાસનાં ત્રણ કામોનું ભુમિપૂજન અને લોકાર્પણ કરતા તેનો સીધો લાભ સ્થાનિકો અને પ્રવાસીઓને મળશે. રાજ્ય સરકાર દરવર્ષે માળખાગત સુવિધાઓ ઉભી કરવા ૯ હજાર કરોડથી વધુની રકમ ફાળવી લોકોની વિશેષ સવલતો આપવા પ્રતિબધ્ધ છે.નીતીનભાઈ પટેલે વિશેષ આનંદ વ્યક્ત કરતા કહ્યું કે, અગાઉ ત્રિવેણી સંગમનો પાળો બાંધવાનું કાર્ય કરી મીઠા પાણીનો સંગ્રહ થયો છે. જેનો સીધો લાભ અહિંના લોકોને મળી રહ્યો છે. ગીર-સોમનાથ અને દ્વારકા જિલ્લાનાં દરીયા પટ્ટીનાં વિસ્તારમાં રોડ-રસ્તાનાં કાર્યોને વેગ આપવામાં આવેલ છે. વેરાવળ-તાલાળા રોડને રૂા. ૨૭ કરોડનાં ખર્ચે પહોળો કરી પ્રવાસીઓની પરિવહન સુવિધામાં વધારો કરાશે. તેમજ સરકારી અધિકારીઓ-કર્મચારીઓને રહેવાની સારી સુવિધા મળી રહે તે માટે ૯૫ સરકારી આવાસોનું લોકાર્પણ કર્યું હતું.વધુમાં ઉમેર્યું કે, લોકોની આવક વધે તે માટે સરકારે અથાક પ્રયાસો કર્યા છે. સરકારે ૨૦ કિલો મગફળી રૂા. ૧૦૦૦ ટેકાનાં ભાવે રકમ ચુકવશે. સરકારે ૧૨૨ સેન્ટરો પર મગફળીની ટેકાનાં ભાવે ખરીદી શરૂ કરી ખેડૂતો પાસેથી ખરીદેલી મગફળીનાં નાણાં ટુંક સમયમાં તેમનાં ખાતામાં સીધા જમા થશે.

સરકારે ગરીબો માટે આવાસો, આંગણવાડી, હોસ્પિટલ, રોડ-રસ્તા જેવી અનેકવિધ સુવિધા આપી છે.અહિંના માચ્છીમારોએ સબસીડી માટે કરેલી રજૂઆતોને ધ્યાનમાં લઈ આશરે ૩૫ કરોડ જેટલી સબસીડીની રકમ પણ મંજૂર કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રીએ સોમનાથ મંદીરે સોમનાથ દાદાને શીશ જુકાવી પુજા-અર્ચના કરી હતી. તેમણે સોમનાથ પરિસરમાં સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી પણ અર્પણ કરી હતી.

સાંસદ ચુનીભાઈ ગોહેલે કહ્યું કે, નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ ગીર-સોમનાથ જિલ્લાને હર હંમેશ સહકાર આપી રોડ-રસ્તાનાં જુદા-જુદા કાર્યો ખુબ ટુંકા સમયમાં જ મંજુર કરી વિકાસ વેગવંતો કર્યો છે. સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે ગીર-સોમનાથ જિલ્લાનાં વિકાસને વેગ આપવા અનેકવિધ વિકાસકાર્યો કર્યા છે. તેમણે ગીર-સોમનાથનાં વિકાસકાર્યો માટે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રૈયાબેન જાલંધરા, ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, પ્રવાસન નિગમનાં ડિરેકટર ઝવેરીભાઈ ઠકરાર, ગુજરાત રાજ્ય મેરીટાઈમ બોર્ડનાં ડિરેકટર કિશોરભાઈ કુહાડા, નગરપાલિકા પ્રમુખ મંજુલાબેન સુયાણી, પુર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર, માધાભાઈ બોરીચા, સુત્રાપાડા માર્કેટીંગ યાર્ડનાં ચેરમેન દીલીપભાઈ બારડ, જિલ્લા વિકાસ અધિકારી ધર્મેન્દ્રસિંહ રહેવર, સોમનાથ ટ્રસ્ટનાં જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, અગ્રણી પ્રવિણ રૂપારેલીયા, લખમભાઈ ભેંસલા, વિજય પરમાર સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

શાબ્દીક સ્વાગત મુખ્ય ઈજનેર એન.કે.પટેલે કર્યું હતું. ખોડીયાર રાસ મંડળની બાળાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન યોગેશભાઈ જોષીએ કર્યું હતું.

ઈન્ડીયા ટુ-ડે સ્ટેટ ઓફ ધ સ્ટેટ કોન્કલેવ-૨૦૧૮

ગુજરાતને બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર એવોર્ડ મુખ્યમંત્રીને ઉપરાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ એનાયત



ગુજરાત દેશના અતિ ઝડપી વિકાસ પામતા રાજ્યોમાં અગ્રેસર છે-રાજ્યના ખૂણે-ખૂણે વિકાસના ફળો પહોચ્યા છેઃ-મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વિકાસના ફળો રાજ્યના હરેક ખૂણામાં પહોચાડીને ગુજરાતને દેશમાં ડેવલપમેન્ટનું રોલ મોડેલ બનાવ્યું છે તેમ ગૌરવ સહ જણાવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, માત્ર ઊદ્યોગો જ નહિ, આરોગ્ય, શિક્ષણ, લઘુ ઊદ્યોગ ક્ષેત્ર તથા મહિલા સશકિતકરણ જેવા વિષયોમાં પણ ભાવિ દીર્ઘદ્રષ્ટિ સાથે ગુજરાત શ્રેષ્ઠ રાજ્ય બનીને દેશના અતિ ઝડપી વિકસીત રાજ્યોમાં અગ્રેસર બન્યું છે.

નવી દિલ્હીમાં ઈન્ડીયા ટુ-ડે કોન્કલેવ-૨૦૧૮ અંતર્ગત 'બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર એવોર્ડ' મુખ્યમંત્રીને ઉપરાષ્ટ્રપતિ વૈંકૈયા નાયડુના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ આ એવોર્ડ સ્વીકારતાં રાજ્યના સામાજિક, આર્થિક સમાંતર વિકાસની ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની સંકલ્પનાનું શ્રેષ્ઠ રાજ્ય ગુજરાતને બનાવવાની દિશા અમે લીધી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાત ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ, ડેરી, એન્જીનીયરીંગ, ટેક્ષટાઈલ્સ વગેરે ક્ષેત્રોમાં નેશનલ લીડર છે.

ગુજરાત મેન્યૂફેકચરીંગ હબ તરીકે જાણીતું છે. એટલું જ નહિ, વર્લ્ડ કલાસ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર, વર્લ્ડ કલાસ વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર અને વર્લ્ડ કલાસ રોડ નેટવર્ક પણ ગુજરાતના વિકાસના આગવા પરિમાણ છે.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી સમગ્ર રાષ્ટ્રનું ગૌરવ બની છે. રાજ્યના પોર્ટ સેકટરની સિધ્ધિઓ અને વિશેષતાઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, દેશના મોટા ભાગના માલ-સામાનની આયાત-નિકાસ ગુજરાતના ૪૮ જેટલા બંદરો પરથી થાય છે.૧૯૯૫માં કુલ ૪૭૫ લાખ મેટ્રિક ટન કાર્ગો હેન્ડલીગની સામે આજે ૪૪૦૦ લાખ મે.ટન ૧૦ ગણું કાર્ગો હેન્ડલીગ ગુજરાતના બંદરો કરે છે.

ગુજરાતના વિકાસના બહુવિધ પાસાંઓની પ્રભાવક પ્રસ્તુતિ કરતા મુખ્યમંત્રી

- ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટરનું હબ
- ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ-ડેરી-એન્જીનીયરીગ-ટેક્ષટાઈલ જેવા ક્ષેત્રોમાં નેશનલ લીડર
- પ્રો-એકટીવ પોલિસી-દ્રષ્ટિવંત-નેતૃત્વથી પોર્ટ સેકટરના ડેવલપમેન્ટને વેગ
- સ્ટેચ્યુ ઓફ યુનિટી-રાષ્ટ્રનું ગૌરવ
- વીજ સરપ્લસ રાજ્ય-૧ લાખ મિલીયન ઈલેકટ્રીસિટી ઉત્પન્ન થઈ

૧૯૯૬માં દેશનું સૌ પ્રથમ ખાનગી પોર્ટ પીપાવાવમાં વિકસીત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૦૦૧માં દહેજમાં દેશનું પ્રથમ કેમિકલ ટર્મિનલ ગુજરાતે વિકસાવ્યું છે. દહેજ હવે તો દેશનું ફર્સ્ટ LNG ટર્મિનલ સાથે મલ્ટીપરપઝ પોર્ટ બન્યું છે.રાજ્ય સરકારની પ્રો-એકટીવ પોલીસીઝ અને દ્રષ્ટિવંત નેતૃત્વને કારણે પોર્ટ સેકટરના વિકાસને નવી ગતિ મળી છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. રૂપાણીએ ગુજરાતના વિશ્વ સ્તરીય ઈરીગેશન ઈન્ફ્રાસ્ટ્રકચર વિષેની પ્રસ્તુતિમાં કહ્યું કે વર્ષ ૧૯૯૫માં રાજ્યમાં માત્ર ૩૫ લાખ હેક્ટર જમીન માટે સિંચાઈ સુવિધા ઉપલબ્ધ હતી જે હાલમાં વધારીને ૧૫૯.૧ લાખ એકર વિસ્તાર સુધીની થઈ છે. "સૌની યોજના"ના અસરકારક અમલ દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છમાં પીવાના પાણીની અછતની સમસ્યા દુર થઈ છે. ઉધોગ ક્ષેત્રે શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રકચર અંગેની ભૂમિકા આપતાં કહ્યું હતું કે ગુજરાત મેન્યુફેક્ચરિંગ હબ છે. મા.ડલ-બે ચ ર ા જ SIR(સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીઝન) વિશ્વનાં સૌથી મોટા ઓટો હબ તરીકે ઉભરી રહ્યા છે. મારૂતિ-સુઝુકી દ્વારા આ વિસ્તારમાં રૂ.૮,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. આ વિસ્તાર દિલ્હી-મુંબઈ ફેઈટ કોરીડોરનો ભાગ છે તેથી વ્યુહાત્મક રીતે ખુબ મહત્વ ધરાવે છે.ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે નવીન દિશા આપશે. ૯૨૦ થી વધારે સ્કવેર કિલોમીટર વિસ્તારને વિકસિત કરવામાં આવી રહ્યો છે જે સિંગાપોરના કુલ વિસ્તાર કરતાં પણ વધુ છે. સરકાર દ્વારા હકારાત્મક નીતિ અને યોજનાઓ દ્વારા સર્વિસ સેક્ટરને પ્રોત્સાહન આપી રહ્યા છીએ જેનાથી નજીકના ભવિષ્યમાં તેના સારા પરિણામો પ્રાપ્ત થશે એમ તેમણે ઉમેર્યું હતું.વીજ ક્ષેત્રે ગુજરાત સરપ્લસ સ્ટેટ છે અને તે મોટી સિદ્ધિ છે. આજે ગુજરાતમાં ૧ લાખ મિલિયન યુનિટ્સ વીજળીનું ઉત્પાદન થાય છે વર્ષ ૧૯૯૫માં માત્ર ૩૬૭૩૨ મિલિયન યુનિટ્સ ઉત્પાદન થતુ હતું. રાજ્ય સરકાર દ્વારા દરેક ઘરમાં ૨૪ કલાક વીજળી પૂરી પાડવામાં આવી રહી છે. ખેડૂતોને ત્રણ ફેઝની ૮ કલાક વીજળી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. તેમણે કોન્કલેવમાં આરોગ્ય ક્ષેત્ર, શિક્ષણ ક્ષેત્ર, સિંચાઈ ક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે વિશે પણ વિશદ છણાવટ કરી હતી.ગુજરાતના નાગરિકો અને તેમના સાહસિકપણા વિશે તેમજ વિવિધ પરિમાણો પર ગુજરાતની સફળતામાં યોગદાન આપવાના પ્રયત્નો પર પણ ભાર મૂક્યો હતો.

આગામી ૧૮-૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૦ થી વધારે દેશો પાર્ટનર કન્ટ્રી છે. વાયબ્રન્ટ સમિટમાં ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને ઉદ્યોગપતિઓ ગુજરાતમાં રોકાણ કરવાના લક્ષ્યાંક સાથે ઈવેન્ટમાં ભાગ લેશે, તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

સુરત જિલ્લાના ૯ તાલુકાની જમીન રી-સર્વે કામગીરીમાં ગોટાળા : ૧૧૨૮ વાંધા અરજી રજૂ

જમીનની ખોટી માપણી અંગે ૧૧૨૮ જેટલા ખેડૂતોએ વાંધો રજૂ કર્યા : અલબત્ત ૮૩૫ અરજીઓ દફતરે કરી દેવાઈ

સુરત

રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૨૬૨ કરોડના ખર્ચે જમીન રી - સર્વેના પ્રોજેક્ટમાં અનેક પ્રકારની વિસંગતાઓ તેમજ પોલમપોલ બહાર આવી છે તેમાં સુરત જિલ્લામાં જમીનની ખોટી માપણી સામે વાંધા અરજીઓનો રાફડો ફાટી નીકળ્યો છે. સુરત જિલ્લામાં જમીન રી-સર્વેની કામગીરીમાં સુરત જિલ્લાના નવ તાલુકાઓમાં આવેલ ૬૮૦ ગામોમાંથી ૧૧૨૮ જેટલી કુલ વાંધા અરજીઓ આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે જમીન માપણીનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો અને આ માપણીની કામગીરી દક્ષિણ ભારતની ખાનગી એક એજન્સી પાસે કરાવવામાં આવી હતી. એજન્સીના કર્મચારીઓ સેટેલાઈટથી માપણી કરતા જમીનોમાં અનેક પ્રકારની વિસંગતતાઓ જાવા મળી છે. મૂળ ખેડૂતોના કબજેદારોના બદલી રી-સર્વે બાદ ૭-૧૨ના ઉતારામાં જમીનના માપો બદલાઈ ગયા હોવાથી ખેડૂતોને અનેક પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાનગી એજન્સી દ્વારા ખેતરોમાં જઈને કામગીરી કરવાના બદલે સેટેલાઈટની મદદથી માપણીની કામગીરી પણ પૂર્ણ કરી દીધી હોવાનું જાણવા મળે છે. રી-સર્વેની કામગીરીમાં જમીન માપણીની ખોટી માપણીઓ થઈ હોવાથી અરજદારો રજૂઆતો કરતા સરકાર દ્વારા વાંધા અરજીઓ સ્વીકારવાનું શરૂ કર્યું હતું. સુરત જિલ્લામાં ગત તા.૨૦-૧૧-૨૦૧૮ સુધી ખોટી માપણીની ૧૧૨૮ જેટલી વાંધા અરજીઓ આવી હતી. જેમાંથી ૮૩૫ જેટલી અરજીઓને દફતર કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરત જિલ્લાના નવ તાલુકાઓમાં ખાનગી એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલ જમીન માપણીમાં મોટા ભાગના કિસ્સાઓમાં જમીનોનો કબજા અન્ય ખેડૂતને બતાવી દેવાયો હોય અથવા કોઈની જમીનમાં વધારો થયો હોય તો ઘણા કિસ્સામાં જમીનો ઘટી ગઈ હોય. આ ઉપરાંત જ્યારે ખેડૂતો પોતાના ૭-૧૨ ના ઉતારા લેવા જાય ત્યારે નવા ઉતારામાં નવા સર્વે માપણીમાં દર્શાવેલી જમીનમાં ઘણી બધી વિસંગતતાઓ જાવા મળી રહી છે. ખેડૂતોએ વાંધા અરજીઓ સાથે લેખીત રજૂઆત કરતા તંત્ર દોડતું થઈ ગયું હોવાનું જાણવા મળે છે, અને અરજીઓની ચકાસણીની કામગીરી બાદ મંજૂર કરવા માટેની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા દેખાઈ આવે છે. રી-સર્વે બાદ હક પત્રમાં નોંધ પડતા જ અરજદારો અને ખેડૂતો ખાતેદારો ચિંતામાં જાવા મળી રહ્યાં હોવાનું જાણવા મળે છે.

રી-સર્વેમાં જમીન ઘટી જતા ધિરાણ પણ ઘટયું

સુરત જિલ્લાના નવ તાલુકાઓમાં જમીન સી-સર્વેની કામગીરીના કારણે સૌથી વધુ ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. ૭-૧૨ના ઉતારમાં રી-સર્વેનો નકશો આવી જતા જમીનમાં વધ-ઘટ જાવા મળી રહી છે. જેના કારણે ખેડૂતોને મળતી ધિરાણ લોનમાં પણ ઘટાડો થયો હોવાનું જાણવા મળે છે, અને સરવાળે ખેડૂતોના આર્થિક નુકશાન પણ થાય છે. કેટલાક ખેતરોમાં સેઢાઓનો યોગ્ય રીતે ઉલ્લેખ કરવામાં ન આવતા ખેડૂતોને વિવાદમાં પણ મુકાવું પડ્યું છે.

વાંધા અરજીનો સમયસર નિકાલ કરાશે : ડોબરીયા

સુરત જિલ્લા જમીન-માપણી અધિકારી (ડી.આઈ.એલ.આર.) વી.કે. ડોબરીયાએ જણાવ્યું હતું કે, સુરત જિલ્લાના નવ તાલુકાઓના ૬૮૦ જેટલા ગામોમાંથી તા.૨૦મી નવેમ્બર સુધી ૧૧૨૮ જેટલી અરજીઓ મળી છે. ખેડૂતો દ્વારા જે વાંધા અરજીઓમાં કરવામાં આવે છે તે અરજીઓને ધ્યાનમાં રાખી સમય મર્યાદામાં તે અરજીઓનો નિકાલ કરવામાં આવે છે. સૌથી વધુ સુરત જિલ્લાના કામરેજ માંગરોળ અને ઉમરપાડા તાલુકાઓમાં વાંધા અરજીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હોવાનું જાણવા મળે છે.

જૂનાગઢમાં શહેરી ગેસ વિતરણ પ્રોજેકટનું નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત

બે વર્ષમાં જૂનાગઢ શહેર સહિત જિલ્લામાં ઘરે ઘરે પાઇપ મારફતે ગેસ મળતો થઇ જશે - નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ

ટોરેન્ટ ગેસ દ્વારા જુનાગઢ જિલ્લામાં ૪૫ સી.એન.જી સ્ટેશન શરૂ કરવામાં આવશે- વડાપ્રધાને ગુજરાતના આઠ સહિત દેશના ૬૫ શહેરોમાં પ્રોજેકટનો કરાવ્યો પ્રારંભ



જૂનાગઢ : જૂનાગઢ શહેર સહિત જિલ્લામાં શહેરી ગેસ વિતરણ પ્રોજેકટનું આજે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની પ્રેરક ઉપસથિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગુજરાતના આઠ સહિત સમગ્ર દેશમાં ૬૫ શહેરોમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ નવી દિલ્હી ખાતેથી આ પ્રોજેકટની આધારશિલા રાખી હતી. વીડીયોલીંકથી આ કાર્યક્રમનું લાઇવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. જૂનાગઢમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે ઉપસ્થિત રહીને પ્રોજેકટનો શુભારંભ કરાવ્યો હતો.

જૂનાગઢ કૃષિ યુનિ.ના સરદાર પટેલ સભાગૃહમાં ટોરેન્ટ ગેસ અને પેટ્રોલિયમ વિભાગ આયોજિત કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત કુદરતી ગેસના વપરાશમાં વૈશ્વિક કક્ષાએ હરિફાઇ કરી રહયું છે. સમગ્ર દેશમાં ગેસની ખપત ૬ ટકા છે જયારે ગુજરાતમાં ૨૬ ટકા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશમાં શહેરી ગેસ વિતરણની વિકાસલક્ષી કામગીરી આગળ ધપાવી છે ત્યારે ગુજરાતમાં પણ ૧૦મા તબક્કાની કામગીરીનો પ્રારંભ કરવમાં આવ્યો છે. ગુજરાત ગેસ વિતરણ અને વપરાશ વધારી પ્રદૂષણ મુકત ભારત અભિયાનમાં આગેવાની લેશે.

નાયબ મુખ્યમંત્રીએ આ પ્રસંગે વધુંમાં જણાવ્યું કે, આ પ્રોજેકટની કામગીરી ટોરેન્ટ ગેસને સોંપવામાં આવે છે. પારદર્શક પ્રકિયાથી આ કામ આગળ ધપી રહયું છે. આજે જૂનાગઢ સહિત ગુજરાતના આઠ શહેરોમાં પાઇપ લાઇન મારફતે ગેસ વિતરણ પ્રોજેકટ શરૂ થવા જઇ રહયો છે. આગામી બે વર્ષમાં ૭૭ હજાર ઘરોમાં પાઇપલાઇન મારફતે ગેસ મળતો થઇ જશે. જેમ પાણી નળ શરૂ કરતા જ આવે છે તે રીતે જૂનાગઢ શહેરમાં પણ ગેસ મળતો થશે.રાજય સરકારની વિકાસની રાજનીતિથી આવેલા ફળદાયી પરિણામોનો ઉલ્લેખ કરીને નાયબ મુખ્યમંત્રીએ કહયું કે જૂનાગઢ પ્રવાસન અને તીર્થધામ છે. ગિરનાર વિસ્તારમાં પ્રવાસન અંગેના પ્રોજેકટ હાલ ચાલુ છે. વિકાસયાત્રા આગળ ધપતા શહેર જિલ્લામાં ડોમેસ્ટીક અને ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં ગેસ પણ પાઇપલાઇન મારફતે વિતરણ થશે. વાહનોમાં સીએનજી વપરાશ વધશે. જૂનાગઢ શહેર જિલ્લામાં ૪૫ સીએનજી સ્ટેશન શરૂ કરવામાં આવશે. મહાનગર પાલિકા, રાજય સરકાર અને ટોરેન્ટ ગેસ સંયુકત મળીને આ પ્રોજેકટ વહેલાસર પુર્ણ કરશે તેવી પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. આ પ્રસંગે મેયર આદ્યશકિતબેન મજમુદાર, સાંસદ રાજેશભાઇ ચુડાસમા, ધારાસભ્ય ભીખાભાઇ જોષી, જિલ્લા ભાજપ પ્રમુખ કીરીટ પટેલ, આગેવાનો ગિરીશભાઇ કોટેચા, જયોતીબેન વાછાણી, શશીકાંતભાઇ ભીમાણી, પુનિત શર્મા, નિલેશ ધુલેશિયા, પુર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઇ મશરૂ, ડી.ડી.ઓ પ્રવીણ ચૌધરી, મ્યુની. કમિશ્નર પ્રકાશ સોલંકી, તેમજ ટોરેન્ટ ગેસના વરૂણ મહેતા સહિતના આગેવાનો ઉપસથિત રહયા હતા.

ગાંધીનગરમાં મુખ્યમંત્રીના હસ્તે ઇન્ટરનેશનલ એકઝીબિશન એન્ડ કોન્ફરન્સ ૨૦૧૮ નો પ્રારંભ



મુખ્યમંત્રીના હસ્તે ઇન્ટરનેશનલ એકઝીબિશન એન્ડ કોન્ફરન્સ ઓન કોલ્ડ ચેઇન-ઇન્ડસ્ટ્રીયલ રેફ્રિજરેશન-રિફર ટ્રાન્સપોર્ટ REFCOLD - ૨૦૧૮નો પ્રારંભ

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ખેડૂતોની ખેતપેદાશો અને બાગાયતી પાકોના સંગ્રહની ક્ષમતા વર્ધન માટે રાજયમાં ૨૦૨૨ સુધીમાં હાલની કોલ્ડ સ્ટોરેજ સંગ્રહ ક્ષમતા વધારીને ૩૦ લાખ મેટ્રીક ટન કરવાની નેમ વ્યકત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો જે સંકલ્પ સેવ્યો છે તેમાં ગુજરાત અગ્રેસર રહેવા પ્રતિબધ્ધ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજયમાં મલ્ટી કોમોડીટી કન્ટ્રોલ એટમોસ્ફીઅર ટેકનોલોજી સાથેના કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા રૂ. ૫૦ કરોડનું પ્રાવધાન રાજયના બજેટમાં કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ કેન્દ્રીય કૃષિ કલ્યાણ રાજયમંત્રી પરસોત્તમ રૂપાલાજીની ઉપસ્થિતીમાં મહાત્મા મંદિર ખાતે આયોજિત ઇન્ટરનેશનલ એકઝીબિશન એન્ડ કોન્ફરન્સ ઓન કોલ્ડ ચેઇન, ઇન્ડસ્ટ્રીયલ રેફ્રીજરેશન અને રિફર ટ્રાન્સપોર્ટને ખૂલ્લુ મૂકયુ હતું.


આ ત્રિદિવસીય રેફકોલ્ડ REFCOLD પ્રદર્શનીમાં ભારતના રાજયો ઉપરાંત દુનિયાના વિવિધ દેશોના ૧૦૦થી વધુ એકઝીબીટર્સ ભાગ લઇ રહ્યા છે. વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, ખેડૂતની ખેતપેદાશથી લઇને ફૂડ પ્રોડકટ ઇન્ડસ્ટ્રીઝ સુધીની સમગ્ર વેલ્યુચેઇનમાં આજે રેફ્રીજરેશન ફેસેલીટીઝ અને કોલ્ડ સ્ટોરેજની ભૂમિકા લગાતાર વધતી રહી છે.અગાઉ આવી સુવિધાઓના અભાવે ખેડૂતને પોતાના ઉત્પાદનો બહુ નજીવા ભાવે વેચી દેવા પડતા અને આર્થિક નુકશાન વેઠવા વારો આવતો એમ પણ તેમણે ઉમેર્યું હતું.





માહિતી ખાતાને ‘ગુજરાત’ માટે RNIની નોટીસ!, ‘‘અન્યનું તો એક વાંકું આપના અઢાર છે’’

જિલ્લાઓમાં વીઝીટ કરનારાઓ કેટલાક અધિકારીઓની કિંમત ૧-૧ કિલોના ખારી સિંગના પેકેટથી વધારે નથી એ પણ પૂરવાર થઇ ગયું છે. જેમને રેલવે સ્ટેશન અને એસટી બસ મથકે ટહેલવાની ટેવ હોય એવા અધિકારીઓને સરકારે ગુજરાત મેગેઝીન લઈને વેચવા માટે બેસાડવા જોઈએ.



RNIએ ૧૨-૦૪-૨૦૧૬એ આપી હતી નોટિસ, જેનો આજ સુધી કોઈ અમલ કરાયો નથી..!, માહિતી ખાતાને ફટકાર્યો હતો ૫૫૦૦નો દંડ, ૨૦૦૪-૦૫થી લઈને ૨૦૧૪-૧૫ સુધીનો ગુજરાત મેગેઝીનનો વાર્ષિક અહેવાલ પણ RNIમાં રજુ નથી કરાયો!, પીઆરબી એક્ટની કલમ-૪ પ્રમાણે ટાઈટલની વિગતોની નકલ અને તાજા અંકની નકલ મોકલવાની તાકીદ કરી હોવા છતાં કોઈ જવાબ ન અપાયો!

ગાંધીનગર

રાજ્ય સરકારના એક મહત્વના વિભાગ માહિતી ખાતામાં પાનની પિચકારીઓ ગમે ત્યાં મારવાની કૂટેવની જેમ તેના કેટલાક અધિકારીઓએ આ કૂટેવને આગળ વધારીને દિવાળી અગાઉ પોતાના અધિકાર ક્ષેત્રની બહાર જઈ રાજયના અનેક જિલ્લાઓમાં જઈને નાના અખબારોના માલિકોને તતડાવ્યાં કે તમારૂ છાપુ રેલ્વે સ્ટેશન કે એસટી બસ મથકે તો દેખાતુ નથી..! આવી વિઝીટ જિલ્લાઓની લેવાને બદલે જો એ અધિકારીઓએ દિલ્હી ઈદ્રેંની મુલાકાત લીધી હોત તો તેમને ખબર પડત કે માહિતી ખાતુ પેલા ઉંટની જેમ છે કે જેના ૧૮ અંગ વાંકા છતાં બીજાને કહે છે કે તમે તો સાવ વાંકા જ છેપ! માહિતી ખાતાએ RNIની નોટિસોનો અભ્યાસ કર્યો હોય તો તેમને જાણવા મળત તે RNI દ્વારા માહિતી ખાતાને ૫૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ટાઈટલમાં જુદા નામો અને ગુજરાત મેગેઝીનમાં તંત્રી સહિતના જુદા નામો. અને નાના છાપાવાળાઓને, પાણીમાંથી પોરા કાઢવાની જુની આદત પ્રમાણે દબડાવે છે.

સરકારની કામગીરીની માહિતી પ્રજા સુધી પહોંચાડવાનું કામ કરનાર માહિતી ખાતાની કામગીરી પર નજર રાખનારાઓ શોધી લાવ્યાં અને તેના પર જો નજર નાંખીએ તો માહિતી ખાતા દ્વારા પ્રકાશિત ગુજરાત મેગેઝીનનું ટાઈટલ ઈદ્રેંમાં જે નોંધાયેલું છે તેમાં તંત્રી તરીકે હજુ કોઈ એમ.ડી. માંકડનું નામ છે. હાલમાં અંક બહાર પડ્યો તેમાં અને તે અગાઉના જે અંકો બહાર પડ્યા તેમાં તંત્રી તરીકે અશોક કાલરિયાનું નામ છે. તંત્રી બદલાય તો RNIને જાણ કરવાની એટલી માહિતી જો આ ખાતાના ઉંચા પગારદાર અધિકારીઓને ના હોય તો એમ કહી શકાય કે માહિતીમાં બધુ લોલમલોલ અને ભમભમમ ચાલે છે. RNIના ટાઈટલમાં પ્રિન્ટીંગ પ્રેસ તરીકે સરકારી ફોટો લીથો પ્રેસ લખેલું છે. ૨૦૧૮ના દિવાળી અંકમાં સાહિત્ય મુદ્રણાલય અને ગુજરાત ઓફસેટનું નામ છે. રેગ્યુલર અંકમાં પણ જુદા નામ લખાય છે.

ભારત સરકારના RNI દ્વારા ૧૨-૦૪-૨૦૧૬ના એક પત્રમાં માહિતી ખાતાને ૫૫૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૪-૦૫થી લઈને ૨૦૧૪-૧૫ સુધીનો ગુજરાત મેગેઝીનનો વાર્ષિક અહેવાલ પણ માહિતી ખાતાએ RNIને મોકલેલ નથી. પ્રતિવર્ષ ૫૦૦ લેખે ૫૫૦૦ તો દંડ ફટકાર્યો છે (જે આજે વધીને પ્રતિ વર્ષ ૧૦૦૦ પ્રમાણે ગણાય છે). એટલુ જ નહીં પીઆરબી એક્ટ હેઠળ માહિતી ખાતાએ RNIને જે અનિવાર્ય માહિતી એગ્રીમેન્ટ પ્રમાણે મોકલવી પડે તે પણ મોકલી નથી તેથી આ પત્રમાં તેનો પણ ઉલ્લેખ કરીને પીઆરબી એક્ટની કલમ-૪ પ્રમાણે ટાઈટલની વિગતોની નકલ અને તાજા અંકની નકલ મોકલવાની તાકીદ કરી હતી. જ્યાં વાડ જ ચિભડાં ગળે ત્યાં કોને કહેવું. નાના અખબારોની ભૂલો કાઢીને જાહેરાત બંધ કરી દેવાની ચીમકી અને ધમકી આપતા કેટલાક અધિકારીઓએ સરકારી વાહનનો ઉપયોગ કરીને જિલ્લાઓની મુલાકાતોની સાથે ઈદ્રેંમાં પણ આંટો માર્યો હોત તો આ પત્રની જેમ માહિતીની ફજેતી ના થાત. નાના અખબારોની વગર કારણે કે કોઈ ચોક્કસ કારણે ભૂલો કાઢનારા કેટલાક અધિકારીઓએ RNIનો એ ૧૨-૦૪-૨૦૧૬નો પત્ર વાંચવા જેવો છે. પોતો RNIને ૧૦-૧૦ વર્ષ સુધી વાર્ષિક અહેવાલ માહિતી ખાતુ ગુજરાત મેગેઝીનનું મોકલતા નથી. સરકાર ખાતાને ભારત સરકાર ૫૫૦૦ રૂપિયાનો કાયદેસરનો દંડ ફટકારે છે ત્યારે નાના અખબારો પર જોર ચલાવતા એ અધિકારીઓએ ગાજવાને બદલે લાજવું જોઈએ. જિલ્લાઓમાં વીઝીટ કરનારાઓ કેટલાક અધિકારીઓની કિંમત ૧-૧ કિલોના ખારી સિંગના પેકેટથી વધારે નથી એ પણ પૂરવાર થઇ ગયું છે. જેમને રેલવે સ્ટેશન અને એસટી બસ મથકે ટહેલવાની ટેવ હોય એવા અધિકારીઓને સરકારે ગુજરાત મેગેઝીન લઈને વેચવા માટે બેસાડવા જોઈએ. જેથી સરકારને પણ ખબર પડે કે ગુજરાત મેગેઝીનામાં પ્રજાને કેટલો રસ છે!

માહિતી ખાતાએ પહેલાં તો પોતાનું ઘર વ્યવસ્થિત કરવું જોઈએ. નાના અખબારો લોકશાહીમાં મોટુ કામ કરનારા અગત્યાના અને અસરકારક પરિબળ સમાન છે. ભોપાલમાં યુનિયન કાર્બાઈડની ફેક્ટરીમાં ઝેરી ગેસ ગળતર થશે તેનો સૌ પ્રથમ અહેવાલ ત્યાંના કોઈ મોટા અખબારે નહીં પણ તે વખતે ત્યાંના એક નાના સામાહિકે પ્રસિધ્ધ કરીને સરકારને ચેતાવી હતી. સરકાર ના ચેતી અને પરિણામ શું આવ્યુંપ નાના અખબારોને વગર કારણે હેરાન પરેશાન કરવાને બદલે તેમને જે સુવિધા સગવડો કે વિજ્ઞાપનના કોન્ટ્રાક્ટ રિન્યૂ વગેરે.ની પ્રક્રિયા કરવાની હોય તેમાં માહિતી ખાતુ સહયોગ આપે એવી એક લાગણી પ્રવર્તી રહી છે.

અનામતનો ખતરનાક ખેલઃ જ્ઞાતિ ઓળખને દૃઢ કરો અને લેવાય તેટલો ફાયદો લઈ લો

અનામતના મુદ્દે હાલમાં રાજકારણ વધી પડ્યું છે તે બધા સ્વીકારશે. ચૂંટણીની નજીકના સમયમાં નેતાઓ અમુક જ્ઞાતિને ઉશ્કેરીને વાતાવરણ ડહોળી નાખે, પછી તેમાંથી ફાયદો લેવાની કોશિશ કરે. હરિયાણામાં જાટ, ગુજરાતમાં કણબીપટેલ અને મહારાષ્ટ્રમાં કુણબીમરાઠામાં આ ખેલ કરાયો છે. પરંતુ આ માત્ર રાજકીય નથી, પણ સામાજિક છે અને સામાજિક તાણાવાણાને ફરી વીંખી નાખીને મનુવાદી દૂષણ સમાજમાં ચાલુ રહે તેવી ચાલબાજી છે.

અનામત આંદોલનોનું રિએક્શન એ આવ્યું છે કે ઓબીસી જ્ઞાતિઓ પોતાની ઓળખ માટે વધારે સક્રિય બની છે. હવે કોઈ કાઈમની મોટી ઘટના બને ત્યારે પણ જ્ઞાતિને હાનિ થઈ છે તે બહાને સમાજને એકત્ર કરવામાં આવે છે. થોડા વખત પહેલાં ઉત્તર ગુજરાતમાં એક જ્ઞાતિની દીકરી પર ઉત્તર ભારતીય દ્વારા બળાત્કારની ઘટના બની. તેની સામે સ્વાભાવિક છે કે રોષ જાગે, અને માત્ર તે સમાજમાં નહિ, બધા જ સમાજમાં રોષ હતો. પરંતુ આ કેસમાં જે તે જ્ઞાતિના નેતાઓ કુદી પડ્યા અને ઉત્તર ભારતીયો પર મોટા પાયે હુમલા શરૂ થયા હતા. બળાત્કારની ઘટનામાં સમાજના બધા વર્ગોએ એક થઈને અપરાધીઓને ડરાવવાના હોય, પરંતુ રાજકીય માણસો તેમાં કુદ્યા તેના કારણે એક જ્ઞાતિ વિરુદ્ધ એક વર્ગની સ્થિતિ ઊભી થઈ હતી.

સરખામણી કુણબીમરાઠા આંદોલન સાથે પણ થઈ શકે તેમ છે. અહમદનગરના કોપારડી ગામમાં કુણબીમરાઠા જ્ઞાતિની યુવતી પર બળાત્કાર થયો. તેની સામે ભારે રોષ જાગ્યો હતો. અહીં પણ જ્ઞાતિના ધોરણે વિરોધ જાગ્યો, કેમ કે અપરાધીઓ દલિતો હતા. ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવાની માગણી સાથે દલિતોની સુરક્ષા માટે બનાવાયેલા એટ્રોસિટી એક્ટનો પણ વિરોધ શરૂ થયો હતો. ધીરે ધીમે મુખ્ય મુદ્દો બાજુમાં રહી ગયો અને એટ્રોસિટીના બહાને દલિતવિરોધ મુખ્ય બન્યો. વિરોધમાંથી મરાઠા ક્રાંતિ મોરચાની રચના થઈ અને ગામેગામ રચના થવા લાગી. ગામેગામ મરાઠા ક્રાંતિ મોરચાની રચના પછી ધીમે ધીમે બળાત્કાર અને એટ્રોસિટી કાયદો દૂર કરવાની માગણી બાજુએ રહી ગઈ અને અનામત આપવાની માગણી મુખ્ય બનાવી દેવામાં આવી.

ગુજરાતમાં તેનાથી ઉલટો પ્રવાહ થયો હતો. ગુજરાતમાં આંદોલન અનામતના નામે શરૂ થયું અને તે પછી તેમાં ખેડૂતોની દેવા માફીનો મુદ્દો ઉમેરી દેવાયો. આગળ જતા અનામત આંદોલનના નેતાઓ શિક્ષણનું ખાનગીકરણ અને દારૂબંધીના ઢીલા અમલ સામે પણ આંદોલનમાં દેખાવા લાગ્યા. સ્પષ્ટપણે રાજકીય હેતુ ખાતરના આ મુદ્દા હતા તે સમજી શકાય છે. પરપ્રાંતિયો સામેનો રોષ એવા મુદ્દા પર વાજબી લાગશે કે તેમના કારણે સ્થાનિક લોકોની રોજગારીને અસર થાય છે અને અપરાધ કરનારામાં પરપ્રાંતીયોની સંખ્યા મોટી હોય છે. પણ આ મુદ્દા વ્યાપક નથી અને સર્વસાધારણ રીતે બધા કિસ્સામાં લાગુ ના પાડી શકાય. પરંતુ આવા લાગણીના મુદ્દાના બહાને પોતાની જ્ઞાતિના લોકોને સહેલાઈથી એકઠા કરી શકાય છે. પોતાનું રાજકીય કદ વધારી શકાય છે.

ગુજરાતમાં પણ ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી પહેલાં અનામત આંદોલનનો બરાબરનો રાજકીય રંગ બહાર આવી ગયો હતો. ભાજપ અને કોંગ્રેસે બંનેએ તેનો ફાયદો લીધો છે. કેટલાક નેતાઓ ભાજપમાં જોડાઈ ગયા, કેટલાક કોંગ્રેસમાં જતા રહ્યા. ભાજપની આંતરિક જૂથબંધીમાં એક જૂથને પાડી દેવા માટે જ મૂળે તો આંદોલનને ચગાવાયું હતું તે મુદ્દો પણ છે અને તે પણ રાજકીય મુદ્દો જ છે. કોંગ્રેસને ખ્યાલ આવી ગયો કે આ આંદોલનના નેતાઓને સાધી લેવાથી ભાજપને ફટકો મારી શકાશે. તેથી કોંગ્રેસે પણ લેવાય તેટલો લાભ લઈ લીધો. હરિયાણામાં જાટ આંદોલન ચગાવીને બિનજાટ મતોનું કોન્સોલિડેશન કરી લેવાયું હતું. વર્ષોથી રાજકારણમાં જાટના પ્રભુત્વ સામે પડકાર ફેંકવા બાકીની જ્ઞાતિઓને ઉશ્કરવાનું કારણ પણ એટલા માટે મળી ગયું કે આંદોલન વખતે તોડફોડમાં અન્ય જ્ઞાતિઓની મિલકતોને નુકસાન થયું હતું. સત્તામાં આવ્યા પછી ભાજપે બિનજાટ નેતાને મુખ્ય પ્રધાન બનાવ્યા. ગુજરાતમાં બિનપટેલને અને મહારાષ્ટ્રમાં પણ બિનમરાઠાને મુખ્ય પ્રધાન બનાવ્યા છે.

આ રીતે મહારાષ્ટ્રમાં પણ વિરોધ શરૂ થયો હતો અને તેથી ભાજપે પણ ઓબીસીના બદલે સોશિયલ એન્ડ ઈકોનોમિકલી બેકવર્ડ ક્લાસ એવી નવી કેટેગરી ઊભી કરીને અનામત આપવાનું ગાજર મરાઠાઓ સામે લટકાવ્યું છે. તેનો રાજકીય ફાયદો જે થાય, પણ તેના કારણે મનુવાદી ફાયદો ઓલરેડી થઈ ગયો છે. કુણબીમરાઠા અને મરાઠાકુણબીમાં ફરી સ્પષ્ટપણે ભાગલા પડી ગયા. ઓબીસી કોઓર્ડિનેશન કમિટિ પણ હવે વધારે સક્રિય બનશે અને તેના કારણે ઓબીસી જ્ઞાતિઓમાં પણ જ્ઞાતિની ઓળખ વધારે દૃઢ થશે. જ્ઞાતિ ઓળખને દૃઢ કરો અને લેવાય તેટલો ફાયદો લઈ લો.

રેલવે પાસે મોદી ચા વેચતા હોવાનો કોઈ રેકોર્ડ નથીઃ આરટીઆઈમાં ખુલાસો

ન્યુ દિલ્હી

એક આરટીઆઈ દ્વારા ખુલાસો થયો છે કે એવો કોઈ રેકોર્ડ નથી કે જે એ સાબિત કરી શકે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાળપણમાં રેલવે પ્લેટફોર્મ કે ટ્રેનોમાં ચા વેચતા હતા. કોંગ્રેસ સમર્થક અને સામાજિક કાર્યકર્તા તહસીન પૂનાવાલાએ આરટીઆઈ હેઠળ રેલવે બોર્ડ પાસે આ જાણકારી માંગી હતી કે શું એવો કોઈ રેકોર્ડ, રજિસ્ટ્રેશન નંબર કે નરેન્દ્ર મોદીને સ્ટેશન કે ટ્રેનમાં ચા વેચવા માટે ઓફિશિયલ પાસ ઉપલબ્ધ છે? આઈએનએસ અનુસાર, આ આરટીઆઈના જવાબમાં રેલ મંત્રાલયે કહ્યું કે, રેલવે બોર્ડના પર્યટન અને ખાનપાન નિદેશાલયની ટીજી III બ્રાંચમાં આવી કોઈ પ્રકારની જાણકારી ઉપલબ્ધ નથી.

મૂળે, નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી સમયે પોતાને ચા વાળો કહ્યા હતા. તેઓએ કહ્યું હતું કે નાનપણમાં તેઓ સ્ટેશન પર અને ટ્રેનોમાં ચા વેચતા તા. ચૂંટણી બાદ પણ તેઓ અનેકવાર પોતાને ચાવાળા તરીકે રજૂ કરતા રહ્યા છે. હાલમાં જ પીએમ મોદીએ ટ્વીટ કર્યું હતું, કોંગ્રેસને હજુ પણ આશ્ચર્ય છે કે એક ચાવાળો પીએમ બની ગયો. અને કોંગ્રેસની પીડાનું કારણ એ પણ છે કે ચાર પેઢીઓથી જે એકત્ર કરવામાં આવ્યું હતું, તે પૈસા હવે કેટલાક પરિવારો માટે નહીં પરંતુ જનતાના વિકાસ માટે ખર્ચ થઈ રહ્યા છે.



રાજપીપળામાં સીજીડી પ્રોજેકટ ખાતમુહૂર્તમાં પાંખી હાજરી,ભાજપના અમુક હોદ્દેદારો ડોકિયું કરવા દેખાયા નહિ





નર્મદા જિલ્લાના(રાજપીપળા)ભૌગોલિક વિસ્તારોને સીજીડી સેક્ટરમાં ચાર અલગ અલગ સેગમેન્ટ્સમાં નેચરલ ગેસનો ઉપયોગ કરી શકાશે–જેમાં કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ(સીએનજી) મુખ્યત્વે ઓટોમોબાઈલ ઈંધણ તરીકે ઉપયોગમાં લેવાય છે બીજો ઘરોમાં પાઈપલાઈનથી નેચરલ ગેસ (પી.એન.જી.)નો ઈંધણ તરીકે ઉપયોગ થાય છે જયારે ત્રીજો વ્યાવસાયિક અને ઔદ્યોગિક ક્ષેત્ર માં ઉપયોગમાં આવે છે .

રાજપીપળા:વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાત રાજ્યના ૮ સહિત સમગ્ર ભારતમાં ૬૩ ભૌગોલિક વિસ્તારોના લાખો નાગરિકો માટે સુવિધાજનક અને અને પર્યાવરણલક્ષી કુદરતી ગેસના વિતરણ અંતર્ગત સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટ્સનું ૨૨મી નવેમ્બરે ખાતમૂહુર્ત યોજાયું હતું.એજ કાર્યક્રમના ભાગરૂપે રાજપીપળામાં રમતગમત શંકુલ ખાતર કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા,ભરૂચ સાંસદ મનસુખ વસાવા સહિત અન્ય મહાનુભવોની ઉપસ્થિતિમાં સીજીડી પ્રોજેકટના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રોજેક્ટના ખાતમુહૂર્ત બાદ કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કોંગ્રેસના સમયમાં ગેસ માટે સ્થાનિક સંસદ સભ્ય પાસેથી કૂપનો લેવી પડતી હતી.એક સાંસદને ફક્ત ૨૫ કૂપનો જ અપાતી હતી એની સામે દેશની આમ જનતા હેરાન થતી હતી.અમુક કિસ્સામાં તો સાંસદ સભ્યો એ કૂપનો જ વેચીને રોકડી કરી લેતા હતા.તેની સામે નરેન્દ્ર મોદીએ દેશની ૫ કરોડ જનતાને ગેસ કનેક્શન આપવાનું પગલું ભર્યું.ભૂતકાળમાં કોંગ્રેસના વડાપ્રધાન રાજીવ ગાંધીએ જ કબુલ્યું હતું કે હું ૧ રૂપિયો મોકલું છું તો એ ગામડા સુધી પહોંચતા ૨૦ પૈસા થઈ જાય છે.જ્યારે અયારે દેક યોજનાના લાભાર્થીના ૧૦૦% રૂપિયા એમના જ ખાતાાં પડે છે,એટલે કોંસના વડા પ્રધાને ઉઠોલો પ્રનનું નિરાકરણ નરેન્દ્ર મોદીએ લાયું એટલે કોંગ્રેસે મોદીનો આભાર માનવો જોઈએ.જ્યારે ાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે કોંગ્રેસના શાસનમાં પેહલા ગેસ ઉદ્યોગોને પછી ગેસ પમ્પોને અને છેલ્લે વધે ત્યારે જનતાને અપાતો હતો,જ્યારે અત્યારે નરેન્દ્ર મોદીએ એ ક્રમ ઉલટો કરી પેહલા જનતાને પછી ગેસ પમ્પોને અને છેલ્લે ઉદ્યોગોને અપાય છે.

કાર્યક્રમમાં ખાલી ખુરશીઓ ભાજપમાં ચિંતાનો વિષય

આ કાર્યક્રમમાં જનમેદની ની જગ્યાએ બસ ખાલી ખુરશીઓ જ નજરે પડતી હતી.એક બાજુ સરદાર એકતા યાત્રાનો ફ્લોપ સો અને ીજી બ્રુ ગેસ રોજેકટ જેવા મહત્વના કાર્યક્રમમાં પાંખી હાજરી ભાજપ માટે ચિંતાનો વિષય બની હતી.

રાજપીપળા પાલિકા પ્રમુખને પણ નીચે સ્થાન

આજના આ ગેસ પ્રોજેક્ટના કાર્યક્રમમાં મંત્રી પરસોત્તમ રૂપાલા,મનસુખ વસાવા તથા ગુજરાત ગેસના ઝઈ નીતિન પાટીલ સ્ટેજ પર બિરાજમાન હતા.જ્યારે રાજપીપળાના પ્રથમ નાગરિક એવા પાલિકા પ્રમુખને સ્ટેજની નીચે સ્થાન અપાયું હતું.તેઓ પણ સ્ટેજ પર સ્થાન મેળવવા ખરેખર હકદાર હતા.છતાં ભાજપ ના કાર્યક્રમો માં એમના સ્થાન ની કોઈ ગણના નથી થતી ત્યારે એમ લાગે કે ગુજરાત યુનિવર્સીટી ના સેનેટ સભ્ય તરીકે સુરત જેવા મોટા શહેર માં બહુમાન મેળવનારા આ મહિલા પ્રમુખ ની ગણના જાણે ઘર કી મુરઘી દાલ બરાબર ગણાતી હોય તો પક્ષ માટે ચિંતાનો વિષય કહી શકાય

ઉનમાં વેપારીને બેઝબોલ સ્ટીકથી માર મારી બે સગાભાઈઓ ફરાર

સુરત

ચાર વર્ષ પહેલાં થયેલા ઝઘડાની અદાવત રાખી એક વેપારી પર બેઝબોલના ફટકા વડે માર મારી કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. પાટિયાના બે સગાભાઈઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ સચીન જીઆઈડીસી પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉન પાટિયા તિરૂપતિ નગર ખાતે ઈરફાન જલીલ અહેમદ શેખ રહે છે. તેઓ વેપાર કરે છે. ગત રોજ સાંજના સુમારે ઉન ગામ પ્લેટિનિયમ પ્લાઝા અલ ખલીફા ટી સેન્ટર પાસેથી ઈરફાનશેખ પસાર થતા હતા ત્યારે ઉન પાટિયાની રહેવાસી ઈસરાખાન તથા ઈર્ષાદખાન નામના બે સગાભાઈઓએ તેમની સાથે અગાઉ ૫ વર્ષ પહેલાં થયેલા ઝઘડાની અદાવત રાખી બેઝબોલના ફટકા વડે હુમલો કરી કપાળના ભાગે માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સચીન જીઆઈડીસી પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

મોટા વરાછાની દુકાનમાંથી ટીવી ફ્રીજની ખરીદી કરી રૂા. ૫.૫૩ લાખની ઠગાઈ

સુરત

મોટા વરાછા ગોપીનાથ સોસાયટી રઘુવીર શોપર્સના ગોકુલ ટેલીવીઝનમાંથી ૧૦ નંગ ફ્રીઝ, ૦૫ નંગ એલઈડી ટીવી તથા ૫.૫૩ લાખની ચૂકવી નહીં કરી દુકાન માલિક સાથે છેતરપિંડી બે આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ હરિયાણા રેવાડી જિલ્લાના વતની અને હાલમાં ઉમરા સિટીલાઈટ આશિષ સોસાયટીમાં રહેતા મનમોહન રામચંન્દ્રની એક ગોકુલ ટેલીવિઝન નામની દુકાન મોટા વરાછા ગોપીનાથ સોસાયટી રઘુવી શોપર્સમાં આવેલી છે. ગત તા. ૩૧મી જુલાઈના રોજ મોટા વરાછા રોયલ બિલ્ડિંગમાં રહેતા હરેશભાઈ માલવીયા, વાવા શ્રીજી રો હાઉસના હરસુખભાઈ ભાયાણી વિગેરેઓએ સેમસંગ કંપનીના ૧૦ નંગ ફ્રિઝ કિંમત રૂા. ૨.૯૦ લાખ, ૦૫ નંગ એલઈડી ટીવી કિંમત રૂા. ૨.૩૨ લાખ તથા ૦૧ નંગ વોશીંગ મશીન કિંમત રૂા. ૩૦,૮૭૬ મળી કુલ્લે રૂા. ૫.૫૩ લાખની ઉધારમાં ખરીદી કરી ત્યારબાદ નાણા નહીં ચૂકતે કરી વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. ગોકુલ ટેલીવિઝનના માલિકે અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પેસેન્જર ડ્રાઈવરનો મોબાઈલ તફડાવ્યો

અડાજણ ખાતે નવયુગ કોલેજની બાજુમાં ડીઝની હાઉસના મકાન નંબર સી/૨૦૯માં રહેતા કેયુરભાઈ છગનભાઈ ગોહિલ કાર ડ્રાઈવર છે કાર ડ્રાઈવર કેયુરભાઈ ગોહિલ બે દિવસ પહેલા એક અજાણ્યા ચોર ઈસમને પેસેન્જર તરીકે બેસાડી રીંગરોડ મજુરાગેટ ખાતે આવેલ કાશી પ્લાઝાની સામે સ્વામી નારાયણ કોમ્પ્લેક્ષ પાસે જતા હતા દરમિયાન અજાણ્યાએ કેયુરભાઈ પાસે ફોન કરવા મોબાઈલ માંગ્યો હતો અને મોબાઈલ પર વાત કર્યા બાદ પરત કરતા આ મોબાઈલ કેયુરભાઈએ ગાડીમાં ડેસ બોર્ડ ઉપર મુક્યો હતો અને ગાડીની બહાર સરનામુ પુછવા જતા અજાણ્યો રૂ.૧૦ હજારનો મોબાઈલ ચોરી પલાયન થઈ ગયો હતો.

સરકારી-ખાનગી હોસ્પિટલોમાં નર્સિસ કર્મીઓના પગાર ધોરણમાં શોષણ સામે મૌન રેલી યોજાઈ



પ્રાઈવેટ નર્સીસ હોમ એક્ટ મુમેન્ટ ફોરમે વિશાળ રેલી યોજી સુરત કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

સુરત

રાજ્યમાં સરકારી તથા ખાનગી ક્ષેત્રમાં નર્સિસના પગાર ધોરણમાં થતાં શોષ અંગે પ્રાઈવેટ નર્સીસ હોમ એકટ મુવમેન્ટ ફોરમે આજે મૌન રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યુ હતું.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજયમાં તાલીમી પ્રાપ્ય હજારો રજીસ્ટર્ડ ટ્રેઈન્ડ નસીર્સ પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ સરકારી કે ખાનગી ક્ષેત્રમાં આઉટ સોર્સિંગ અને કોન્ટ્રાક્ટ ધોરણે નજીવા અને શોષિત પગાર ધોરણોમાં પોતાની ફરજો હાલમાં પુરી પાડી રહ્યા છે. મા. નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કેન્દ્ર સરકાર દ્વારા નસીર્સને માસિક ઓછામાં ઓછા રૂા. ૨૦,૦૦૦/- (અંકે વીસ હજાર પુરા) ચૂકવવાના આદેશ કરવામાં આવ્યા છે. તેમ છતાં ગુજરાત રાજ્યમાં ખાનગી અને સરકારી ક્ષેત્રોમાં આઉટસોર્સિંગ કે કોન્ટ્રેક્ટ ધોરણે નર્સીસને નજીવા માસિક પગાર ધોરણોમાં રાખી શોષિત કરવામાં આવી રહ્યા છે. આ બાબતની નસીર્સના વિવિધ સંગઠનોએ વારંવાર રજૂઆતો સુપ્રીમકોર્ટના ચુકાદા સાથે કેન્દ્ર સરકારની ભલામણો અને અન્ય રાજ્યોએ કરેલ અમલની લેખિત પુરાવા સાથે કરેલ છે અને એનો ચુસ્તપણે રાજ્યમાં અમલ કરવા વિવિધ રાજકીય અગ્રણીઓ દ્વારા રજૂઆતો પણ થયેલ છે.

રાજ્ય સરકાર દ્વારા આ બાબતને કાયદાકીય ગુંચમાં નાખી એ પ્રક્રિયા વિલંબીત કરાઈ રહી છે. આ બાબત કાયદાકીય રીતે સ્થાપિત કરવાથી રાજ્યની તમામ ખાનગી ક્ષેત્રોની હોસ્પિટલોને ફરજિયાતપણે ટ્રેઈન્ડ નર્સ રાખવા પડશે કે જેને લઈને ખાનગી હોસ્પિટલોમાં દર્દી કે સાજને અનટ્રેઈન્ડ નર્સીસ થકી થતા નુકસાનથી બચાવી શકશે અને વિશેષમાં સરકારને આ કાયદો બનાવવાથી સીધો કોઈ જ આર્થિક બોજ પડનાર નથી. આમ પણ રાજ્યમાં હાલમાં વિવિધ પ્રાઈવેટ અને કોર્પોરેટ હોસ્પિટલો મેડીક્લેમના નામે સમાજના વિવિધ વર્ગો પાસેથી તગડો ચાર્જ વસૂલતી હોય છે આ પ્રાઈવેટ હોસ્પિટલોમાંથી રજા આપતી વખતના બિલની રકમ ચકાસવામાં આવે તો તેમાં વિવિધ પ્રકારના નર્સીંગ ચાર્જ વસૂલાતા દરદીઓને હોય છે. આમ સમાજનું શોષણ થતું પણ આ મલથી અટકી શકશે અને સરકારનું એક સરાહની પગલુ પણ ગણાશે. આ બાબતને હવે સરકાર અને સંલગ્ન વિભાગ ગંભીરતાથી લઈ તેનો કાયદાકીય અમલ કરે તે આજની તાતી જરૂરિયાત છે. જો આ રજૂઆત બાદ પણ જો કોઈ કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવે તો આવનાર સમયમાં અમારા સંગઠનો થકી રેલીઓ ધરણા સહિતના વિવિધ કાર્યક્રમો અપાશે અને તેમ છતાં જો કોઈ સચોટ આદેશો જારી નહીં થાય તો આ સેક્ટરના નર્સીસ વિવિધ આંદોલનોના માર્ગ અપનાવશે અને જેના કારણે ઉપસ્થિત પરિસ્થિતિ માટેની સંપૂર્ણ જવાબદારી માત્ર અને સરકારીશ્રીની રહેશે.



M.:7383533355
9574747706
Dr. Dhaval N. Shah
MD Homeopath
કેન્સર, એલર્જી, થાઈરોઈડ, પ્રેશર, ટાલ પડવી, સાંધાના રોગો, સોરીયાસીસ, બાળ રોગો, સ્ત્રી રોગો, માનસીક રોગો
Dr. Dhaval's cancer formulas based on American & European standards
Shree Super Speciality Homeopathy & Research Center
New Hope For cancer Patients
Evening 5:00 to 9:00 Sunday Close
Shop No.9, Varday Residency, Near TGB & Jalaram Temple, L.P. Savani Road, Adajan. Surat.



દિવાળીનો તહેવાર પૂર્ણ થઈ ગયો છે અને સરકારી ગ્રાન્ટેડ શાળાઓ પણ રાબેતા મુજબ શરૂ થઈ ગઈ છે. પરંતુ રત્નકલાકારનું પ્રભુત્વ ધરાવતા વિસ્તારો આજે પણ ખાલીખમ જણાય છે. ઘણાં ખરા લોકો આજે પણ વતનથી પરત નહીં આવતા કાયમ ભરચક દેખાતો બરોડા પ્રિસ્ટેજ વિસ્તાર તસ્વીરમાં સુનો જણાઈ રહ્યો છે.

સરકારી અનાજ સગેવગે કરવાનું કૌભાંડ ગોડાઉનના મેનેજર પરમારની સંડોવણી

સરકારી અનાજ સચીનની ફ્લોર મિલમાં પહોંચાડી દેવાતું હતું

સુરત

વરાછા-નવાગામમાં આવેલ સરકારી નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનમાંથી સરકારી અનાજ ગેરકાયદે વેચાણ કરવાનું કૌભાંડ સંદર્ભે વરાછા પોલીસે મેનેજર ભૂપેન્દ્ર પરમાર સહિતના વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ખૂદ નિગમના જ મેનેજર સરકારી અનાજ વેચી મારતો હતો. ટ્રાફિક પોલીસે વૈશાલી ચાર રસ્તા પાસે ટ્રાફિકને અડચણરૂપ ટેમ્પા સામે કાર્યવાહી કરતા સરકારી અનાજ વેચી મારવાનું મસમોટુ કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. આ સરકારી અનાજ સચીનના વિવાદાસ્પદ ફ્લોર મિલમાં લઈ જવાનું હતું. આ કૌભાંડ સંદર્ભે સરકાર તરફે પીએસઆઈ એમ.એન. કાતરીયા ફરિયાદી બની આરોપી ભૂપેન્દ્ર પરમાર (મેનેજર), મનીષ વિરદ્ધ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારી અનાજ કૌભાંડમાં નિગમના અન્ય કર્મચારીઓની પણ સંડોવમી તપાસ કરવામાં આવશે.

બિન સત્તાવાર રીતે મળતી માહિતીમાં સરકારી અનાજનો જથ્થો સચીન ખાતેની ફ્લોર મિલમાં સગેવગે કરી દેવામાં આવતો હતો અને તેથી પોલીસે આ દિશામાં પણ તપાસ કરવી આવશ્યક બને છે.

રાજદ્રોહ કેસમાં સુરત લવાયેલા આરોપી અલ્પેશ કથીરિયાને સાબરમતી લઈ જવાયો

જેલમાં જામીનનું બીડુ જમા કરાવ્યા બાદ અલ્પેશને લાજપોર જેલમાં લવાશે

સુરત

અમરોલી પોલીસ મથકમાં રાજદ્રોહ ગુનાના આરોપી અલ્પેશ કથીરિયાને લાજપોર જેલમાંથી બુધવારે બપોરે સાબરમતી જ્યાં આજ-કાલમાં જામીનનું બીડુ જમાં કરાવ્યા બાદ ફરી પાછો તેને લાજપોર જેલ ખાતે લાવવામાં આવશે એવું બચાવ પક્ષની એડવોકેટ યશવંતસિંહ વાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે ૨૫ ઓગસ્ટના રોજ અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ પર થયેલી ધમાચકડી બાદ પોલીસે રાજદ્રોહના ગુનો દાખલ કર્યો હતો.જેલમાં જામીનનું બીડુ જમા કરાવ્યા બાદ અલ્પેશને લાજપોર જેલમાં લવાશ આ ગુનામાં પોલીસે સુરત પાસના કન્વીનર અલ્પેશ કથીરિયાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પુરા થયા બાદ અમદાવાદ કોર્ટે તેને સાબરમતી સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યો હતો. ત્યારબાદ અમરોલી પોલીસમથકમાં દાખલ થયેલા ગુનામાં ડીસીબી દ્વારા કોર્ટમાંથી ટ્રાન્સફર વોરન્ટ મેળવી સાબરમતી સેન્ટ્રલ જેલમાંથીછ તેનો કબજો મેળવી સુરત કોર્ટમાં રજૂ કર્યો હતો. સુરત ડીસીબી દ્વારા અલ્પેશ કથીરિયાની રિમાન્ડ નહીં માંગવામાં આવતા તેને લાજપોર જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

ે ગુજરાત હાઈકોર્ટ તેને અમદાવાદના રાજદ્રોહના ગુનામાં જામીન મુકત કર્યો હતો. બુધવારના રોજ બપોરે અલ્પેશ કથીરિયાને લાજપોર જેલમાંથછી સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં આજ-કાલમાં જામીન બીડુ રજૂ કર્યા બાદ તેને ફરી સુરત લાજપોર જેલ ખાતે લાવવામાં આવશે. એમ એડવોકેટ યશવંત સિંહ વાળાએ જણાવ્યું હતું.

જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વાલીયા પોલીસ

ભરૂચ રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચનાથી પ્રોહીબીશન તથા જુગાર બદી સદન્તર નાબુદ કરવાના ભાગરૂપે કામગીરી કરવા જણાવેલ તે અનુસંધાને આજ રોજ ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક મેઘા તેવર ના માર્ગદર્શન હેઠળ તા.૨૧/૧૧/૨૦૧૮ ના વાલીયા પોલીસની જુદી-જુદી ટીમો બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની રેઈડોની કામગીરી ચાલુ હતી તે દરમ્યાન પોલીસ ઈન્સ્પેક્ટર ઝેડ.એન.ઘાસુરા સાહેબ વાલીયા પોલીસ સ્ટેશન નાઓને ખાનગી બાતમીદારથી ચોક્ક?સ માહીતીમળેલ કે વાલીયા ટાઉનમાં હનુમાન ફળિયામાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમે છે તે બાતમી આધારે પંચો તથા પોલીસના માણસો સાથે સદર જગ્યાએ રેઈડ કરતા કુલ સાત તહોમતદારો જુગાર રમતા રોકડ રૂપિયા-૧૨,૫૫૦/- તથા મોબાઈલ ફોન નંગ-૩ કિં.રૂ-૭,૫૦૦/- તથા જુગારના સાધનો સહિત કુલ કિં.રૂા.-૨૦,૦૫૦/- ના મુદ્દામાલ સાથે આરોપી (૧)કેતનભાઈ જયંતીલાલ મિસ્ત્રી (૨) સતનામસીંગ નારસીંગ વસાવા (૩) અનિલ દિપાભાઈ વસાવા (૪)ભાવેશ રવિન્દ્ર પંચાલ (૫) દેવરામ લાલુભાઈ વસાવા (૬) રાજેશ શંકર વસાવા (૭) રાજ મનોજભાઈ પંચાલ તમામ રહેવાસી નંબર- ૧, ૨, ૩, ૫, ૫, ૭ રહેવાસી, વાલીયા તથા નં- ૪ રહે.ડહેલી તા. વાલીયાવાળા પકડાઈ ગયેલ હોય તેમના વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી વાલીયા પો.સ્ટે. ? ગુ.ર.નં. ૪૩/૨૦૧૮ જુગાર ધારા કલમ-૧૨ મુજબનો ગુનો રજીસ?ટર કરવામાં આવેલ છે આગળની તપાસ ચાલુ છે.

પતિએ ઠપકો દેતા પત્નીનો આપઘાત

સુરત

અજાણ્યા મોબાઈલ નંબરથી આવેલા મેસેજથી વાતચીત કરનાર પત્નીને પતિએ ઠપકો આપતા પત્નીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વ્રજવાટિકામાં રહેતા મુકેશભાઈ ધનજીભાઈ ખૂંટની પત્ની મીતલબેને (૩.વ. ૩૩) નકુલો ટાંગવાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગે પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મરણજનાર મિતિલબેનનેકોઈ અજાણ્યા વ્યકિતએ મેસેજ કરતા મિતલબેન મેસેજથી વાતચીત કરતા હતા. જે બાબતે પતિએ બોલતા પત્નીને ખોટુ લાગી આવ્યું હતું અને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

ટેક્સટાઈલ માર્કેટમાં વેપારી સાથે અકસ્માત કરી રૂા. ૩૫ હજારની ચોરી

સુરત

રિંગરોડ,પી.ટી.એમ ટેક્ષટાઈલ માર્કેટની બાજુમાં આવેલ એન.ટી.એમ માર્કેટની ગલીમાંથી પગપાળા જતા વેપારી સાથે બાઈકની ટક્કર મારી અજાણ્યા ગજવામાંથી રોકડા રૂ.૩૫ હજાર કાઢી ભાગી ગયા હતા. પરવત પાટિયા, શક્તિનગર, ગંગા એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૭૦૩માં રહેતા વેપારી હિતેષભાઈ દીપચંદભાઈ લોહીયા ગઈ તા.૨૦/૧૧/૨૦૧૮ના રોજ સાંજે રિંગરોડ,પી.ટી.એમ ટેક્ષટાઈલ માર્કેટની બાજુમાં આવેલ એન.ટી.એમ માર્કેટની ગલીમાંથી પગપાળા જતા હતા દરમિયાન બે અજાણ્યાએ બાઈક અથડાવી માથાકૂટ કરી હતી બીજી તરફ ચાલતા-ચલતા આવેલો ત્રીજા અજાણ્યાએ નજર ચૂકવી હિતેષભાઈ લોહીયાના ગજવામાંથી રોકડા રૂ.૩૫ હજાર કાઢી લીધા હતા બાદમાં ત્રણેય ગઠિયા ભાગી ગયા હતા

આંધ્રપ્રદેશના નગરપાલિકા પ્રશાસન અને શહેરી વિકાસ મંત્રી ડૉ. પી.નારાયણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની લીધેલી મુલાકાત : સાંજે લેશર-શો પણ નિહાળ્યો



રાજપીપલા : આંધ્રપ્રદેશના નગરપાલિકા પ્રસાશન અને શહેરી વિકાસ વિભાગના મંત્રી ડૉ. પી. નારાયણે ગઈકાલે? સાંજે નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે સ્થાપિત સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેને સંલગ્ન વોલ ઓફ યુનિટી, વ્યુંઈગ ગેલેરી, મ્યુઝીયમ, ફુડકોર્ટ, સોવેનિયર શોપ, મેમોરીયલ વિઝીટર્સ સેન્ટર્સ સહિતના આકર્ષણોની મુલાકાત લીધી હતી

ગઈકાલે બપોર બાદ કેવડીયા પીકોલોની ખાતે સાંજે આવી પહોંચેલા આંધ્રપ્રદેશના મંત્રી ડૉ. પી. નારાયણે L & T ની સાઈટ કચેરી ાતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ સંદર્ભેની વિવિધ તકનીકી બાબતો અંગેની તલસ્પર્શી જાણકારી મેળવી હતી. ત્યારબાદ તેઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રતિમા સ્થળની મુલાકાત લઈ, સરદાર મેમોરીયલ મ્યુઝીયમ અને વ્યુઈંગ ગેલેરીમાંથી માતા નર્મદા અને વિંધ્યાચલ – સાતપુડાની ગિરિમાળાઓના દર્શન સાથે નર્મદા દર્શન કરીને પવિત્રતાની અલૌકિક ઉંચાઈએ પહોંચ્યાની અનુભૂતિ પણ તેમણે કરી હતી.

આ મુલાકાત દરમિયાન લાયઝન અધિકારી અને રાજપીપલા નગરપાલિકાના ચીફ ઓફિસર અમીત પંડ્યા, ન્ર્ કંપનીના રાવલ, રાજેશભાઈ, નર્મદા નિગમના ઈજનેર જાદવ વગેરે પણ મંત્રી સાથે રહ્યાં હતાં. મંત્રી ડૉ. પી. નારાયણે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આ સ્મારક પ્રતિમાના નિર્માણ માટે ઉપયોગમાં લેવાયેલી વિવિધ સામગ્રીની વિગતો ઉપરાંત તેના તકનીકી પાસાંઓ અંગે ઉંડો રસ દાખવીને નિગમના ઈજનેર પાસેથી વિસ્તૃત જાણકારી મેળવવાની સાથે ભવિષ્યમાં અહીં ઉભી થનારી બોટીંગ સુવિધા સહિતની અન્ય આનુષંગિક સવલતો અંગે પણ વિગતવાર જાણકારી મેળવી તેઓશ્રી અત્યંત પ્રભાવિત થયા હતાં. મંત્રી ડૉ. પી. નારાયણે સાંજે સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા પર રંગારંગ અદભૂત લેશર-શો પણ નિહાળ્યો હતો.

ભરૂચ શહેર માં વિકાસ સાથે ટ્રાફિકની સમસ્યા વિકટ બનતી જાય છે

છેલ્લા કેટલાક દિવસ થી ભરૂચ શહેર ટ્રાફિક પોલીસ અને નગરપાલિકા તરફીક ને અડચણ રૂપ દબાણો દુર કરી વાહન ચાલકો ને પાર્કિંગ પ્રત્યે સભાનતા દાખવવા પયત્ન કારી રહી છે ત્યારે ભરૂચ ના ઝાડેશ્વર રોડ પર પણ ટ્રાફિક ને નડતરરૂપ પાર્ક કરેલા વાહનો ને દંડ કરવાની તાતી જરૂર વર્તાય છે.લાખોના ખર્ચે બનેલ ફૂટપાથ પણ બિન જરૂરી દબાણ કરી દુકાનદારો અને આડેધડ પાર્ક કરેલા વાહનો ને હવે દંડાત્મક કાર્યવાહી ની જરૂર જણાય છે ત્યારે આવનાર સમય માં પોલીસ અને નગરપાલિકા ક્યારે ઝાડેશ્વર રોડ પર નજર કરે તે જોવુ રહ્યું.





